# અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં શિક્ષકોની પરેશાની દુર કરવા શિક્ષકની માંગ

અમરેલી, તા. ૯

અમરેલીના એક જાગ્રુત શિક્ષકે રાજયના શિક્ષણ મંત્રીને પત્ર પાઠવી જણાવ્યુ હતું કે, આદિકાળથી દેશના વિકાસમાં,રાજયના વિકાસમાં, સમાજના વિકાસમાં પાયાની અને પ્રાથમિકતાનું ઘડતર એટલે શિક્ષણ અને શિક્ષણથી જ દરેક સમાજ દરેક વ્યકિતઓ આગળ વધે છે અને પોતાન,સમાજનું અને દેશનુ નામ ઉજજવળ કરે છે.પરંતુ હાલમાં જોવામાં આવે તો શિક્ષણનું દાન કરનારા શિક્ષકોને ખુદને હાડમારીનો સામનો કરવો પડી રહયો છે.

હાલના સમયમાં ઉચ્ચ શિક્ષણ અને સારૂ શિક્ષણ ખુબજ અગત્યનુ છે.અને તે શિક્ષણ મેળવવા માટે સારા શિક્ષકોની જરૂરીયાત રહે છે. જે પોતાના જ્ઞાનનુ વિતરણ કરી અને આવનારી યુવા પેઢીને તૈયાર કરે છે. અને યુવા પેઢી છે તે દેશનો આધાર સ્તંભ ગણવામાં આવે છે.અને યુવા પેઢી થકી જ દેશ ચાલે છે અને આગમી સમયમાં પણ યુવાઓ થકી જ દેશ અગાળ વધી શકે છે.પરંતુ યુવા પેઢીઓને સારા માર્ગે દોરવા અને તેમને સારૂ શિક્ષણ પ્રદાન કરવાની જવાબદારી શિક્ષકોની હોય છે. અને શિક્ષકો પોતે અથાંગ મહેનત કરીને ઉચ્ચ શિક્ષણ મેળવીને યુવા પેઢીઓને આગળ વધવા માટે પ્રેરણા આપે છે,પરંતુ હાલમાં જોવામાં આવે તો સરકાર દ્વારા કાયમી શિક્ષકોની ભરતીઓ કરવામાં આવતી નથી અને પ્રવાસી શિક્ષક જેવી યોજનાઓ બનાવીને શિક્ષકોનુ ખુદનનુ ભાવી ધૂંધળુ કરી નાપ્ય છે.

કાયમી સરકારી શિક્ષકોની ભરતી બહાર પાડો અને પોતાને કાયમી સરકારી શિક્ષકની નોકરી મળશે તેવી આશાએ ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં આશરે સવા લાખ જેટલા ઉમેદવારોએ અંદાજિત ૧૦૦૦ કરોડ જેટલી ફી ભરીને બી.એડ.ભણ્યા,પરંત સરકારે કાયમીને બદલે ૧૧ માસના કરાર આધારીત જ્ઞાન સહાયકની નોકરી જાહેર કરતા રાજયના હજારો ભાવિ શિક્ષકોનુ સપનું રોળાયુ હોવાની સ્થીતી સર્જાય છે.

ગુજરાતમાં ૩૦૦ થી વધુ બી.એડ. કોલેજો છે.જેમાંથી દર વર્ષે ૨૫ હજાર શિક્ષકો તૈયાર થાય છે, બી.એડની ફી રૂા.૮૦,૦૦૦ થી લઈને રૂા.૧,૦૦,૦૦૦ સુધીની હોય છે. પાંચ વર્ષમાં વિદ્યાર્થીઓએ આશરે એક હજાર કરોડની ફી ભરી છતા તેઓ હજુ કાયમી ભરતીથી વંચિત રહયા છે.બીજી બાજુ જ્ઞાન સહાયકની ભરતીમાં ૧૧ માસના કરાર આધારીત જાહેરતમાં પ્રાથમીકમાં ૨૧ હજાર અને માધ્યમીકમાં ૨૪ હજાર પગારની જાહેરાત કરવામાં આવી છે જે ખાનગી સ્કુલ કરતા પણ ઓછો હોવાન જણાય છે.

શિક્ષણ સહાયક યોજના જ્ઞાનને નિઃસહાય બનાવનારી યોજના છે.કારણ કે, શિક્ષકની અથિરતા શિક્ષક – વિદ્યાર્થીના સબંધમાં આત્મીયતા ન લાવી શકે અને બીજુ કે શિક્ષકનો પ્રભાવ નબળો પડતા શિક્ષણનુ ધાર્ય પરિણામ ન લાવી શકાય. શિક્ષણમાં ગુણવતા સુધારવા ટેટ–ટાટમાં બદલાવ કરાયો જેથી સરકારી શાળામાં ગુણવત્તાયુકત શિક્ષણ બાળકોને મળે પરંતુ આ કરારી પ્રથા શિક્ષકોનુ ભાવિ દાવ પર લગાવવા જેવી વાત છે. ભાવિ શિક્ષકને જ્ઞાન સહાયક બનાવો તો ડિગ્રીઓ નિઃસહાય બનશે.

નવી શિક્ષણ નીતીમાં શિક્ષણમાં સુધારો લાવવા કાયમી શિક્ષકોની ભરતી થાય અને પ્રવાસી શિક્ષક જેવી યોજના રદ કરવાનો ઉલ્લેખ છે.પણ ગુજરાતમાં ૧૧ મહીનાના કરાર આધારીત જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે જે યુવાન શિક્ષકો માટે બેરોજગારી સમાન જ છે. રાજયભરમાં મોટાપાયે જગ્યાઓ ખાલી હોવા છતા આ કરાર આધારિત ભરતીએ શિક્ષણ વિભાગન શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે અયોગ્ય પગલા સમાન છે.

ખરેખર શિક્ષણમાં કામચલાઉ કર્મચારી કયારેય ન ચાલી શકે, કારણ કે, વિદ્યાર્થીના જીવન ઘડતરનું કાર્ય કરવાનુ હોય છે. અને દિવસેને દિવસે શિક્ષકોની અછત ઉભી થતી જાય છે. જેથી કાયમી શિક્ષકો વગર ગુજરાતનું શિક્ષણ ઉંડી ખાઈ તરફ જઈ રહ્યુ છે.

ગુજરાત શિક્ષણનીતીમાં સુધારો લાવી અને યુવા વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે દેશના ભવિષ્ય માટે કાયમી શિક્ષકોની ભરતી કરવા અને પ્રવાસી શિક્ષક જેવી યોજના રદ કરવા તથા સારી ગુણવત્તાનુ શિક્ષણ મળી રહે તેવા શુભ આશયથી શિક્ષકોને પડી રહેલી હાડમારીઓનુ સુઃખદ નિરાકરણ લાવવા અંતમાં માંગ કરેલ છે.

# કેશોદ–ઉના રૂટની એસ.ટી. બસ ગીર ગઢડા ગામે ખોટવાઈ જતા ૨૫ મુસાફરો રઝળી પડયા

**સલામત સવારી એસ.ટી. બસ અમારી રસ્તામાં ખોટવાઈને ઉભી રહે તો જવાબદારી તમારી**

ઉના, તા. ૯

કેશોદથી તાલાળા જામવાળા ગીર ગઢડા ઉના આવતી એસટીની બસ ગીર ગઢડાના બે નંબરના બસ સ્ટેશન પાસે પહોંચતા બસમાં ટેકનીકલ ખરાબી સર્જાતા બંધ પડી ગઈ હતી અને ઉનાના ૨૫ જેટલા પેસેન્જર બેસેલા હતા ત્યારે બસ ખરાબ થતા પેસેન્જર રઝળી પડ્યા હતા.

આગામી દિવસોમાં તહેવારો નજીક આવતા હોવાથી લોકોની સરકારી બસોમાં અવર – જવર વધી છે અને લોકો પોતાની સલામતી માટે ખાસ એસટી બસનો ઉપયોગ કરે છે ત્યારે સવારે કેશોદ ડેપોની કેશોદ તાલાળા જામવાળા થઈ ઉના આવતી જીજે ૧૮ ઝેડ ૭૦૪૪ નંબરની બસમાં લોકો સમયસર પહોંચવા આ બસમાં વધુ મુસાફરી કરતા હોય છે પરંતુ કેશોદ ડેપો દ્વારા આ લાંબા રૂટની બસ હોવા છતાં પણ ખખડધજ બસ ફાળવવામાં આવે છે જેનો ભોગ આખરે મુસાફરોને બનવું પડે છે બસ ગીર ગઢડાના બે નંબરના બસ સ્ટેશન નજીક ખરાબ થતા ૨૫ જેટલા મુસાફરો રઝળી પડયા હતા અને બીજી બસની રાહ જોઈ રહ્યા હતા આ અંગે મુસાફરોએ જણાવ્યું હતું કે કેશોદ ડેપોની નિષ્કાળજીના કારણે હેરાન થવું પડે છે ત્યારે કેશોદથી ઉના જતી લાંબા રૂટની બસ સારી અને નવી ફાળવવામાં આવેતેવી મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## લોકશાહી શાસન વ્યવસ્થામાં દરોડા પણ પારદર્શી હોવા જોઈએ

# સાવરકુંડલામાં જીએસટી અને આવકવેરા વિભાગે દરોડા પાડયા : મીડિયાને કોઈ માહિતી મળી નહી

**આવકવેરા વિભાગ હંમેશા દરોડા બાદ પ્રાથમિક વિગતો આપવાથી દૂર રહે છે**

સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા ખાતે ઈન્કમ ટેક્સ અને જી.એસ.ટી. વિભાગના અધિકારીઓ દ્વારા ત્રણ દિવસથી રેડ કરવામાં આવી છે. ૪૦ જેટલી ગાડી સાથે રેડ કરતા કરોડો રૂપિયાના બે હિસાબો મળ્યા હોવાની શકયતા.

સાવરકુંડલા શહેરના નેસડી રોડ, અમરેલી રોડ તેમજ ભુવા રોડ ખાતે આવેલ લોખંડ અને ખેતીના સાધનો બનાવતા મોટા મોટા કારખાનાઓમાં ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટ રાજકોટ તેમજ જીએસટી વિભાગ અમદાવાદના અધિકારીઓ દ્વારા ૪૦ કરતા વધુ ગાડીઓ સાથે રેડ કરવામાં આવતા સાવરકુંડલા શહેરમાં લોખંડ, ઈલેકટ્રોનિક સ્કેલ અને કાંટા ઉદ્યોગ તેમજ ખેતીના સાધનો બનાવતા કારખાનેદારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

સાવરકુંડલા શહેરના નેસડી રોડ, અમરેલી રોડ તેમજ ભુવા રોડ ખાતે આવેલ મોટા મોટા કારખાનાઓમાં આઈ.ટી. અને જી.એસ.ટી. વિભાગ દ્વારા રેડ કરવામાં આવી હતી. બપોરના સમયે રાજકોટ અને અમદાવાદની ટીમો દ્વારા રેડ કરવામાં આવતા કારખાનામાં કામ કરતા કારીગરોના ફોન લઈ લેવા આવ્યા હતા તેમજ કારીગરો, મજૂરો અને માલિકોને મોડી રાત સુધી બહાર આવવા–જવા દેવામાં આવ્યા ન હતા. ઉપરાંત તે લોકોનું જમવાનું ટિફિન પણ આઈ.ટી. અને જી.એસ.ટી. વિભાગ દ્વારા રેડ સ્થળો પર મંગાવી દેવામાં આવ્યા હતા. સાવરકુંડલામાં લોખંડની ચીજ વસ્તુઓમાં નામના ધરાવતી પેઢીઓ અને કારખાનામાં રેડો કરવામાં આવતા કરોડો રૂપિયાના બે હિસાબો મળી આવ્યાં હોય તેવું જાણકારોનું માનવું છે. જી.એસ.ટી. અને આઈ.ટી. વિભાગ દ્વારા કરવામાં આવેલ રેડ છેલ્લા ત્રણ દિવસથી સાવરકુંડલા ખાતે પહોંચી વિવિધ પેઢીઓમાં ધામો નાંખવામાં આવ્યો છે. આ તપાસ બે દિવસ સુધી ચાલશે તેવો અંદાજ હતો પરંતુ ધાર્યા કરતાં અનેક ગણાં બેનામી વ્યવહારો નીકળતા તપાસ હજુ પણ ચાલશે.

આ ટેકસની તપાસમાં તોલમાપ ખાતું પણ જોડાવાના સમાચાર મળી રહ્યાં છે. માતાજીનાં નામ ઉપરથી અમરેલી રોડ, ભુવા રોડ, શિવાજીનગરમાં અનેક ફેકટરી ધરાવતા કારખાનેદારને ત્યાં વજનમાં પણ ખૂબ મોટો ગોટાળો પકડાયો છે. આ ઉપરાંત કન્સ્ટ્રકશન સાઈટનાં દસ્તાવેજો પણ ઝડપાયા છે. ઓફ ધ રેકોર્ડ સોનાનાં બિસ્કીટ પણ મળ્યાં હોવાની ચર્ચા ચાલી રહી છે.

આ બધી અટકળોનો અંત તો ત્યારે જ આવે કે આ અધિકારીઓ તપાસને અંતે શું પકડાયું તે પ્રેસ કોન્ફરન્સ થકી જાહેર જનતા સમક્ષ માહીતી જાહેર કરે. હજુ સુધી શા કારણોસર મીડિયાને માહિતગાર કરવામાં આવ્યું નથી તેવો સવાલ પત્રકાર અગ્રણી પ્રતાપ ખુમાણ દ્વારા પૂછવામાં આવ્યો છે.

સાવરકુંડલા શહેરમાં આજે જી.એસ.ટી. વિભાગની એક ટીમ શહેરના લોખંડના વેપારીઓને ત્યાં સર્વે કરીને સર્ચ ઓપરેશન કરી રહી હોવાની વિગતો મળી રહી છે. સાવરકુંડલાના અમરેલી રોડ, નેસડી રોડ અને શિવાજીનગર ખાતે સવારથી કામગીરી જી.એસ.ટી. વિભાગના અધિકારીઓ કરી રહ્યા છે ને ખાનગી ચાલતી આ તપાસમાં વેપારીઓમાં પણ હડકંપ મચ્યો છે ને કેટલાય કારખાનેદારો તો મોબાઈલ બંધ કરી, તાળા મારી બહારગામ નીકળી ગયા છે. મગનું નામ મરી નહિ પાડીને લોખંડના વેપારીઓને ત્યાં તપાસનો ધમધમાટ હાલ ચાલી રહ્યો છે. સ્પષ્ટ વિગતો હાલ નથી મળતી પણ વેપારીઓમાં જી.એસ.ટી. વિભાગના દરોડા અને સર્ચ ઓપરેશનને કારણે વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે ને અંદરખાને કરોડો રૂપિયાની ઈન્કમટેકસ અને જી.એસ.ટી.ની ચોરીઓ સામે આવે તેવું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

## રાજુલા નજીક આવેલ

# વડનગર ગામે રૂમમાં સુતેલ તરૂણીની જાતિય સતામણી થતાં ફરિયાદ

**ત્રણ આરોપીઓએ તરૂણીનાં પિતાને આપી ધમકી**

અમરેલી, તા. ૯

રાજુલા નજીક આવેલ વડનગર ગામે રહેતા આરોપી ખેતો અશોકભાઈ સોલંકી સહિત ૩ શખ્સોએ ગત તા. ૭નાં રાત્રીના સમયે તેજ ગામે રહેતા એક ડ્રાયવરનાં ઘરમાં દીવાલ ટપી અંદર પ્રવેશ કરી અને ત્યાં રૂમમાં સુતેલ સગીરાનાં રૂમનુ બારણું ખખડાવી તરૂણીનું બાવડું પકડી જાતિય સતામણી કરતાં અન્ય લોકો જાગી જતાં તરૂણીનું બાવડુ છોડી અને તરૂણીનાં પિતાને જો પોલીસમાં ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ભોગ બનનાર તરૂણીનાં પિતાએ પોલીસમાં નોંધાઈ છે.

# દેશનાં ગૌરવસમા સિંહોની પજવણીનો વધુ એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં વસતાં અતિ મહામુલ્ય ધરાવતા એશિયાટીક સિંહોની પજવણી યથાવત જોવા મળી રહી છે. કયારેક લોકો દ્વારા સિંહોની પજવણી કરી પોતાની વિકુતિ દર્શાવે છે, તો કેટલાંક કિસ્સામાં વનવિભાગના કર્મી સિંહદર્શન કરાવી રૂપિયા રળતા હોય છે. ત્યારે સિંહની પજવણી કરતો વધુ એક વીડિયો સોશ્યલ મિડિયામાં વાયરલ થતાં સિંહપ્રેમીઓમાં વનવિભાગની ધૃતરાષ્ટ્ર માફકની ભૂમિકા સામે સવાલો ઊઠયા છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાં વસતાં એશિયાટીક સિંહોની પજવણી કરવાના બનાવોમાં જાણે ઉછાળો આવ્યો હોય તેમ છાશવારે સિંહોની પજવણીના કિસ્સા જોવા મળી રહયા છે. ત્યારે વધુ એક બનાવમાં ગીરના કોઈ ગ્રામીણ વિસ્તારમાં કોઈ અજાણ્યા શખ્સો દ્વારા પોતાના હવાલાવાળું ફોર વ્હીલ વાહન એક બાળસિંહની પાછળ દોડાવતા હોય તેવો વીડિયોમાં જોવા મળી રહ્યો છે.

આ બનાવમાં પ્રથમ માતા સિંહણ અને એક બાળસિંહ ગ્રામીણ વિસ્તારમાં જતાં હોય ત્યારે કેટલાંક વિકુત શખ્સોએ સિંહણ તથા સિંહબાળ પાછળ પોતાનું વાહન દોડાવ્યું હતું. પરંતુ સિંહણ વાડ કુદી અને અંધારામાં નાસી જતાં આ શખ્સોએ બાળસિંહ પાછળ પોતાનું વાહન હતું. ત્યારે જીવ બચાવવા માટે બાળસિંહ ઊભી પૂંછડીએ ભાગ્યું હતું. ત્યારે ગીરના ગ્રામીણ વિસ્તારોમાં સિંહોની ખુલ્લેઆમ પજવણી કરી સિંહોની હાલત ।ન જેવી કરતા પજવણીખોરોએ કરી નાંખી છે. જેને લઈ વનવિભાગની ધૃતરાષ્ટ્ર માફકની ભૂમિકા સામે સિંહપ્રેમી લોકોમાં અનેક સવાલો ઊઠયા છે. ત્યારે સિંહની પજવણીનો વિડીયો સોશ્યલ મીડિયામાં પણ વાયરલ થવા પામેલ છે.

# સાવરકુંડલા ખાતે સંકલન બેઠકમાં પ્રશ્નોની રજુઆત



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી ધારાબેન ભાલારા મેડમના અધ્યક્ષ સ્થાને સરકારના તમામ વીભાગોની સંકલન બેઠક યોજાય હતી જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના અનુસાર અને શહેર ભાજપના માર્ગદર્શન તળે સાવરકુંડલાનાં રહેવાસીઓની સુખાકારી માટે સંકલન સમિતિના સભ્ય અને નગરપતી મેહુલભાઈ ત્રિવેદી તથા શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા દ્વારા સંકલ બેઠકમાં મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

જેમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી દ્વારા સાવરકુંડલા શહેરને મળતું મહી નદીનું પાણી મોડી રાત્રે અને ડોળું આવે છે તેને દિવસે આપવું અને ડોળુ આવે છે તેનું નિરાકરણ કરવું શહેરીજનો માટે નગરપાલિકામાં આધાર કાર્ડ કીટ આપવા માટે રજુઆત કરી હતી.

જયારે શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા દ્વારા ૫ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા જેમાં વર્ષો જૂની ખખડધજ પોસ્ટ ઓફીસનું નવીનીકરણ, સિનિયર સિટીઝનોને એસ.બી.આઈ.બેન્કની દરબારગઢ શાખામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા, સીટી સર્વે ઓફીસનું નવું બિલ્ડીંગ બનાવી અને કાયમી ધોરણે સરવેયર મુકવા, સાવરકુંડલાથી કાગવડ – વીરપુર, ગોંડલ જેવાં યાત્રાધામ જવા માટે એસ.ટી.બસ શરૂ કરવા અને ઘણાં લોકોને આધારકાર્ડમાં ફિંગરપ્રિન્ટ નથી આવતી તે બાબતે ઘટતું કરવા જેવા જરૂરી મુદ્દાઓની માટે પ્રાંત અધિકારીને રજુઆત કરી હતી. આ બેઠકમાં મામલતદાર ગોહીલ, પાલિકાનાં ચીફ ઓફિસર બોરડ, તાલુકા વિકાસ અધિકારી પરમાર સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

## ગીરગઢડા નજીક આવેલ

# ધોકડવા ગામની સેવા સહકારી મંડળીમાં 33 લાખ ૭૨ હજારની ઉચાપતથી ખળભળાટ

**સેવા સહકારી મંડળીનાં પ્રમુખ, મંત્રી સામે નોંધાઈ ફરિયાદ**




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલાની કોઈપણ કોમ, જ્ઞાતિ, ધર્મના અતિ સાધારણ પરિવારો માટે, કોઈ સ્વાર્થ વગર, અર્ધી રાત્રે પણ કોઈની શેહ શરમ રાખ્યા વગર દોડતા, પ્રતાપભાઈ ખુમાણ (બાપુ સર)ને અમરેલીથી પ્રસિદ્ધ થતું. ''અમરેલી એકસપ્રેસ'' અમદાવાદથી પ્રસિદ્ધ થતું અખબાર, ''લોક પત્રિકા'' દ્વારા અમરેલી જિલ્લા પ્રતિનિધી તરીકે નિમણુંક અપાતાં, સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજનાં અગ્રણીઓ, ઈરફાન કુરેશી, સુન્ની મુસ્લિમ જમાત પ્રમુખ (એકસ), અલીભાઈ જાખરા સંધી જમાત પ્રમુખ (એકસ), ઉસ્માનભાઈ પઠાણ નાગરિક બેન્કનાં ડિરેકટર, ઉસ્માનભાઈ મિલન ટ્રાન્સપોર્ટ, ઈકબાલ ગોરી સાવરકુંડલા પ્રમુખ પ્રેસ કલબ, દિલીપ જીરૂકા (વી.ટી.વી. ન્યુઝ ચેનલ બ્યુરો અમરેલી) સોહિલ શેખ અબ તક ન્યુઝ પેપર પત્રકાર, રાજેશભાઈ ચૌહાણ, કાઉન્સિલર નગરપાલિકા સાવરકુંડલા, યુસુફભાઈ કુરેશી, આસી.સબ. ઈન્સ્પેકટરએ શાલ ઓઢાડી, ફુલો અને સુગંધિત અતરથી ખુબ ખુબ મુબારકબાદી પાઠવી હતી.

# બાબરામાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા શિયાળાના આગમનના એંધાણ



બાબરામાં વહેલી સવારે ગાઢ ધૂમમમ્સ છવાયા જતા હાઈવે રોડપર પસાર થતા વાહન ચાલકોને ઓછી વિઝીબિલિટી રહેતા હાલાકીનો સામનો કરવાની ફરજ પડી હતી તો બીજી તરફ વોક પર નીકળતા લોકો એ ધૂમમમ્સની સાથે ગુલાબી ઠંડીની મજા લીધી હતી. તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

## ૨ ટ્રસ્ટ અને ૩૧ ગામ પંચાયતો સામે ૨ વર્ષ પહેલા તપાસનાં આદેશો થયા બાદ

# અમરેલી જિલ્લાનાં કથિત કરોડો રૂપિયાનાં કૌભાંડની તપાસ અભેરાઈએ

**ભ્રષ્ટાચારીઓ કરતાં ભ્રષ્ટાચાર બહાર લાવનારને અકળામણ થાય તેવી અનેક ઘટનાઓ અવારનવાર બહાર આવે છે**

**કોઈ જાગૃત નાગરિક શરૂઆતમાં હોંશે હોંશે રજૂઆત તો કરે પરંતુ વર્ષો સુધી તપાસ ન થાય એટલે નિરાશ થઈ જાય**

**ભ્રષ્ટાચારરૂપી બલાએ સમગ્ર વહીવટીતંત્રને ભીંસમાં લીધું હોય નિષ્ઠાવાન વ્યક્તિઓ ચિંતિત**

**જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ કલેકટરને પુનઃ પત્ર પાઠવીને તપાસ આગળ ચલાવવા માંગ કરી**

અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લાનાં કથિત કરોડો રૂપિયાનાં ભ્રષ્ટાચારની ૨ વર્ષથી તપાસ આગળ વધતી ન હોય જાગૃત નાગરિક નાથાલાલ સુખડીયાએ કલેકટરને પત્ર પાઠવીને તપાસ વેગવંતી કરવા માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાનાં ૨ ટ્રસ્ટો અને ૩૧ ગ્રામ પંચાયતો ધ્વારા સરકારની ગૌચર અને ગૌ.સેવા વિકાસ બોર્ડ–ગાંધીનગર પાસેથી વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮માં પંચાયતો ધ્વારા ગૌચર સુધારણાના રૂા. ૬,૬૫,૧૦,૬૦૫ જેવી રકમનો વિવિધ કામો કર્યા અંગેનો ખર્ચ બતાવી રૂા. ૩,૧૩,૦૩,૦૩૯ની ગ્રાંટ લેવામાં આવેલ. આ ગ્રાન્ટો મેળવનાર પંચાયત/ટ્રસ્ટો જે–તે સમયે વાસ્તવિકરૂપે ગૌચરની અંદર મોટાભાગે ખર્ચ કરાયેલ ન હતો અને ખોટા બિલ બનાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ. જે બાબતે સબંધિત વિભાગ, જિલ્લા વિકાસ અધિકારી–કલેકટર અને ઉચ્ચકક્ષાએ આ ભ્રષ્ટાચાર અંગેની તા. ૨૪/૭/૨૦૧૯, તા. ૨૬/૭/૨૦૧૯, તા. ૨/૧/૨૦૨૦, તા. ૧૦/૮/૨૦૨૦, તા. ૯/૧૨/૨૦૨૦ અને તા. ૧૦/૧/૨૦૨૧નાં અરજી કરતાં તેમનો તપાસ અહેવાલ વર્ગ–૧ કક્ષાના ૨ અને ૪ અન્ય એમ ૬ ટીમો બતાવી તપાસ અહેવાલ કુલ ૩૩ ગામોની પાના નં. ૧ થી ૧૧૧ તૈયાર કરવામાં આવેલ. જેમાં મોટી વિસંગતતા અને ટેન્ડર–ખરીદ નીતિના નાણાકીય નિયમોના કોઈપણ પાલન કર્યા વગર અને કામ પુર્ણતાનાં નોડલ ઓફિસ ધ્વારા કમ્પલીશન સર્ટી આપ્યા અંગેના તેમજ ખોટા બિલો બનાવી ચુકવણા થયા અંગેની હકીકત ખુલવા પામેલ.

જે અહેવાલ તા. ૯/૧૦/૨૦૨૧નાં તૈયાર કરેલ જેની નકલ આરટીઆઈથી માંગેલ જેનો અભ્યાસ કરતા ખૂબ જ ગંભીરતા જણાયેલ છે. જેને આજે બે વર્ષ જેવો સમય થવા છતાં આ બાબતે અમરેલી જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારનાં વિકાસની દેખભાળ માટે જિલ્લા વિકાસ અધિકારીએ જવાબદારો સામે પગલા ભરવા વસુલાત કરવી–કાયદાકીય કાર્યવાહી કરવી, પોલીસ ફરિયાદ દાખલ કરવી આવી કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને અહેવાલને અભેરાઈએ ચડાવી દીધેલ છે. આમ સરકાર અને રાષ્ટ્રના નાણાની ઉચાપત કરનારાને બચાવવામાં આવેલ હોય આ ગભીર બાબતે આપના લેવલેથી કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## રાત્રે સિંહોની ડણક સંભળાતા સ્થાનિકોમાં ભયનો માહોલ

# વડિયાની ભાગોળે આવેલ સાંકરોળા ગામે ૯ સિંહનું ટોળાનું આગમન

**ગામ પાસે જ સિંહોનાં ટોળા ફરતા જોઈ ગામલોકોમાં ફફડાટ**


તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૯

વડિયા એ ત્રણ જિલ્લાની સરહદોથી જોડાયેલુ ગામ છે. તેની જૂનાગઢના ભેંસાણ તાલુકાની સરહદે આવેલુ સાંકરોળા ગામ એ સાંકરોળી નદી કિનારે આવેલુ સિંચાઈની સગવડ ધરાવતુ ખેતી આધારીત સાંકરોળા ગામ વિસ્તારની સીમમાં સ્થાનિક લોકો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ છેલ્લા થોડા દિવસથી નવ જેટલા સિંહના ટોળાએ ધામા નાખ્યા છે અને કપાસના ખેતરો અને બાવળની ઝાડીઓમાં વસવાટ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે રાત્રી દરમ્યાન એક વાછરડાનુ મારણ કરી તેની મિજબાની માણતા સિંહોનો એક વિડિઓ પણ વાઈરલ થતો જોવા મળ્યો છે. ત્યારે સિંહ પરિવારના આગમનથી પર્યાવરણ અને સિંહ પ્રેમીઓમાં ખુશી વ્યાપી છે તો બીજી બાજુ કપાસમાં પિયત અને અન્ય કામ કરતા ખેડૂતો, મગફળીના તૈયાર પાકને આંટોપતા ખેડૂતો અને ગામના પાદરમાં રોજ રાત્રે ડણક સંભળાતા સ્થાનિક લોકોમાં સિંહના ટોળાનો ડર પણ જોવા મળી રહ્યો છે. જોકે આ બાબતે સ્થાનિક લોકોની સાથે સંકલન કરી વનવિભાગ પણ સતત દેખરેખ રાખતું હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

## શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાની રજૂઆત

# બાબરા પંથકમાં નર્મદાનું સૌની યોજના મારફત પાણી છોડી તાલુકામાં નદી–તળાવ અને ડેમ ભરવામાં આવે

**વરસાદ ખેંચાતા ખરીફ અને શિયાળુ પાક માટે પાણી જરૂરી**



બાબરા, તા. ૯

બાબરા તાલુકામાં છેલ્લા બે મહિનાથી વરસાદ ખેંચતા ખેડૂતોને મગફળી, કપાસ સહિત કઠોળના પાકને મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. કારણ કે ઓછા વરસાદ પડવાથી કુવા અને બોરના તળ ઊંચા નહિ આવતા પિયત માટે પૂરતા પ્રમાણમાં પાણી નહીં મળ તાં પાક ને જીવનદાન આપવું મુશ્કેલ બન્યું છે. ત્યારે સૌની યોજના મારફત નર્મદાનું પાણી છોડવામાં આવે તો તાલુકાના ખેડૂતોને પિયત માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે અને મહા મહેનત પકેવેલ પાકને જીવનદાન મળી શકે તેમ છે.

શહેર ભાજપના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા લાઠી–બાબરાના ધારાસભ્ય અને સાંસદને પત્ર પાઠવી રજુઆત કરી છે કે, બાબરા તાલુકાનાના કાળુભાર નદી, કરીયાણાં ડેમ, રામપરા ડેમ તેમજ જુના તળાવમાં નર્મદાનું પાણી છોડવામાં આવે તો ખેડૂતોને પિયત માટે પાણી મળી રહે હાલ ખરીફ પાક માટે પાણીની જરૂર છે તેમજ શિયાળુ પાક, ઘઉં, જીરૂં, ચણા સહિતના અન્ય પાક માટે પણ પાણીની જરૂર પડે તેમ છે. ત્યારે રાજય સરકાર દ્વારા ત્વરિત ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરે તેવી લાગણી અંતમાં વ્યકત કરવામાં આવી છે.


■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.



તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬


## દિવસે સહન ન થાય તેવી ગરમી અને રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ

# સાવરકુંડલા પંથકમાં ચોમાસાની વિદાય અને શિયાળાની દસ્તક દેતી ગુલાબી ઠંડીનું આગમન

**વ્હેલી સવારે ઝાકળ આવતા વિઝીબિલિટીમાં ઘટાડો જોવા મળ્યો**

સાવરકુંડલા, તા. ૯

ચોમાસાની વિદાય અને શિયાળાની દરવાજે દસ્તક દેતી આલબેલ ગુલાબી ઠંડીનું આગમન હવે અમરેલી જિલ્લાના અલગ અલગ પંથકોમાં થઈ ચૂકયું છે. ઋતુના સંધિ કાળમાં દિવસે ગરમી અને રાત્રે ગુલાબી ઠંડીનો માહોલ જામતો જાય છે. હવામાન વિભાગે પણ દિવસમાં તાપમાન ૩૫ ડીગ્રી અને રાત્રિનું તાપમાન રહેવાની આગાહી કરી છે. આગામી સાત દિવસ સુધી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં તેમ હવામાન વિભાગે જાહેર કર્યુ છે. ચોમાસાની વિદાય સાથે આકાશમાંથી વાદળો પણ દૂર થવા લાગ્યા છે, વાતાવરણ ચોખ્ખું બન્યું છે પરંતુ દિવસે સહન ન થાય તેવો તાપ વર્તાઈ રહ્યો છે. તો રાત્રે ગુલાબી ઠંડીનો અનુભવ અમરેલી જિલ્લાની જનતા કરી રહી છે. નોંધનીય છે કે આ વર્ષે અધિક માસ હોવાના કારણે તહેવારો પાછળ ગયા છે. વ્હેલી સવારે કેટલાક વિસ્તારોમાં ઝાકળ જોવા મળતા માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોને ઝીરો વિઝીબિલિટીનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

## સાવરકુંડલા શહેરમાં બની ઘટના

# જુની કાર તથા અન્ય વસ્તુઓ વેચવા આપેલ તેની રકમ નહી આપી છેતરપીંડી કરી

**ગોંડલ પંથકનાં ઈસમે પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૯

ગોંડલ તાલુકાનાં દેવળા ગામે રહેતા અને ખેતીકામ કરતાં મેહુલભાઈ શરદભાઈ આસોદરીયા નામનાં ૩૨ વર્ષિય ખેડૂત યુવકે ગત તા. ૨/૮ થી તા. ૭/૧૦ સુધીનાં સમયગાળા દરમિયાન સાવરકુંડલાનાં હાથસણી રોડ ઉપર રહેતા વેપારીને પ્રસ્ટીજ કંપનીનું કુકર, ઈન્ડકશન ગેસ સ્ટવ તથા જુની કાર નં. જી.જે.–૦૩ ડીએન ૫૭૩૪ કિંમત રૂા. ૧ લાખ મળી કુલ રૂા. ૧,૬૮,૨૪૫ સાવરકુંડલાનાં વેપારીને આપ્યા હતા. તે રકમ અથવા તો વસ્તુઓ નહી આપી વિશ્વાસઘાત છેતરપીંડી કર્યાની ફરિયાદ સાવરકુંડલા પોલીસમાં નોંધાઈ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪









ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













### ચૂંટણી પંચે પાંચ રાજ્યની વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરી

# પાંચ રાજ્યોમાં ૭, ૧૭,૨૩ અને ૩૦ નવેમ્બરે ચૂંટણી, ૩ ડિસેમ્બરે પરિણામ

## એમપી, છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા, મિઝોરમમાં વિધાનસભા ચૂંટણીઓની તારીખ જાહેર કરાઈ : ૬૦ લાખથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે

નવી દિલ્હી, તા.૯

હવે દેશના પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. તેના માટે ચૂંટણીપંચે આજે તેના સંપૂર્ણ કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે. ચૂંટણીપંચના જણાવ્યાનુસાર મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભા ચૂંટણીઓની તારીખ જાહેર કરી દેવામાં આવી છે.

૫ રાજ્યોની ચૂંટણી વિશેની માહિતી
કુલ વિધાનસભા બેઠક ૬૭૯
કુલ મતદારો - ૧૬ કરોડ મતદાર
કુલ પુરુષ મતદારો - ૮.૨ કરોડ
કુલ મહિલા મતદારો - ૭.૮ કરોડ
૬૦ લાખથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે

૩૧ ઓક્ટોબર સુધી રાજકીય પક્ષોએ મળેલા ડોનેશનની વિગતો આપવી પડશે.

૫ રાજ્યોમાં ૧.૭૭ લાખ મતદાન મથકો રહેશે : ૫ રાજ્યોમાં ૧.૭૭ લાખ મતદાન મથકો રહેશે. ચૂંટણી પંચે તમામ મતદારોને મતદાર યાદીમાં તેમના નામ ચેક કરવા, તેમની વિગતો સુધારી લેવા કરી અપીલ. ૧૭ ઓક્ટોબરે મતદાર યાદી જાહેર થશે. ૨૩ તારીખ સુધી યાદીમાં સુધારા કરી શકાશે.

ચૂંટણી રાજ્યોમાં ૯૪૦ ચૂંટણી પોસ્ટ બનાવાઈ, જેનાથી તમામ પ્રક્રિયા પર નજર રખાશે.

મહિલા મતદારોની સંખ્યા વધી : આ વખતે પીવીટીજી ૧૦૦ ટકા વોટરોનું રજિસ્ટ્રેશન થયું. પીવીટીજીએ આદિવાસીઓ માટે ખાસ વ્યવસ્થા છે

૫ રાજ્યોમાં ૬૭૯ વિધાનસભા સીટો : મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે તમામ ૫ રાજ્યોની મુલાકાત લીધી હતી અને તમામ રાજ્યોના રાજકીય પક્ષો સાથે બેઠકો કરી હતી. મિઝોરમનો કાર્યકાળ ડિસેમ્બર ૨૦૨૩માં પૂરો થાય છે. બાકીના રાજ્યોનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૪માં સમાપ્ત થઈ રહ્યો છે. આ ૫ રાજ્યોમાં ૬૭૯ વિધાનસભા સીટો છે.

### રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર

| રાજ્ય | મતદાનની તારીખ | મતગણતરી-પરિણામ |
|---|---|---|
| મધ્યપ્રદેશ | ૭ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| છત્તીસગઢ | ૭ નવેમ્બર | |
| | ૧૭ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| રાજસ્થાન | ૨૩ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| તેલંગાણા | ૩૦ નવેમ્બર | ૩ ડિસેમ્બર |
| મિઝોરમ | ૭ નવેમ્બર | ૩ ડિસેમ્બર |

છત્તીસગઢની ૯૦ બેઠકો પર સતાનો સંગ્રામ : છત્તીસગઢની ૯૦ બેઠકો પર વિધાનસભાની ચૂંટણી યોજાશે. છત્તીસગઢ વિધાનસભાનો કાર્યકાળ ૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સમાપ્ત થશે. છેલ્લી વિધાનસભા ચૂંટણી નવેમ્બર ૨૦૧૮માં યોજાઈ હતી. જેમાં કોંગ્રેસનો વિજય થયો હતો અને ભૂપેશ બઘેલ રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા.

મિઝોરમમાં ૪૦ સીટો પર જંગ : મિઝોરમમાં ૪૦ સીટો પર ચૂંટણી યોજાવાની છે. મિઝોરમ વિધાનસભાનો કાર્યકાળ ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી નવેમ્બર ૨૦૧૮માં યોજાઈ હતી, જેમાં મિઝો નેશનલ ફ્રન્ટે જીત મેળવી હતી અને રાજ્યમાં સરકાર બનાવી હતી. ત્યારબાદ જોરમથાંગા મુખ્યમંત્રી બન્યા.

મધ્યપ્રદેશમાં ૨૩૦ બેઠકો પર આરપારની લડાઈ : મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીની વાત કરીએ તમામ ૨૩૦ બેઠકો માટેની ચૂંટણી યોજાશે. રાજ્યમાં વિધાનસભાનો કાર્યકાળ ૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી નવેમ્બર ૨૦૧૮માં યોજાઈ હતી. તે ચૂંટણીમાં કોંગ્રેસે રાજ્યમાં સરકાર બનાવી અને કમલનાથ મુખ્યમંત્રી બન્યા. પરંતુ માર્ચ ૨૦૨૦ માં, કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોએ વિધાનસભામાંથી રાજીનામું આપ્યું અને જ્યોતિરાદિત્ય સિંધિયા સાથે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માં જોડાયા. આ પછી રાજ્ય સરકાર પડી અને મુખ્યમંત્રી કમલનાથે રાજીનામું આપવું પડ્યું. આ પછી રાજ્યમાં ભાજપે સરકાર બનાવી અને શિવરાજ સિંહ ચૌહાણ મુખ્યમંત્રી બન્યા.

રાજસ્થાનમાં ૨૦૦ બેઠકો પર ભાજપ કોંગ્રેસ સામસામે : રાજસ્થાનમાં વિધાનસભાનો કાર્યકાળ ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પૂરો થઈ રહ્યો છે. રાજ્યની ૨૦૦ બેઠકો પર મતદાન થશે. ૨૦૧૮માં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે રાજ્યમાં સરકાર બનાવી અને અશોક ગેહલોત મુખ્યમંત્રી બન્યા.

તેલંગાણામાં ૧૧૯ બેઠકો પર ચૂંટણી : તેલંગાણા વિધાનસભાનો કાર્યકાળ ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સમાપ્ત થશે. તેલંગાણામાં ૧૧૯ બેઠકો પર મતદાન યોજાશે. તેલંગાણા રાષ્ટ્ર સમિતિએ રાજ્યમાં સરકાર બનાવી હતી. તેનું નામ હવે બદલીને ભારત રાષ્ટ્ર સમિતિ રાખવામાં આવ્યું છે. ચંદ્રશેખર રાવ બીજી વખત મુખ્યમંત્રી બન્યા.

### ડાયમંડ ઉદ્યોગને અચ્છે દિનની આશ

# ડાયમંડ ઉદ્યોગમાં દિવાળી પછી આવી શકે છે તેજી !

અમદાવાદ, તા.૯

શહેરનો ડાયમંડનો બિઝનેસ મંદીમાં સપડાયો છે. યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધના કારણે હજુ પણ આ ઉદ્યોગ મંદીના મારથી ઊભો થઈ શક્યો નથી. યુદ્ધની અસરના કારણે રશિયાથી હીરાનો ૭૦ ટકા કાચોમાલ આવવાનો બંધ થઈ ગયો હતો. જેથી જ્યાં સુધી સંપૂર્ણ યુદ્ધ વિરામ નહિ થાય ત્યાં સુધી મંદીની અસર વર્તાશે. જોકે દિવાળી બાદ ડાયમંડ ઉદ્યોગમાં અચ્છે દિન આવે તેવી આશા વેપારીઓ સેવી રહ્યા છે.

છેલ્લા ૨૦ વર્ષથી અમદાવાદના બાપુનગર વિસ્તારમાં હીરા ઘસવાનું કામ કરતા સુમિતભાઈ ગળધરીયા હાલ મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે, હીરા ઉદ્યોગ મંદિરમાં સપડાયો છે સુમિતભાઈનું કહેવું છે કે, મંદીના કારણે પરિવારનું બીજદાન ચલાવવું પણ ખૂબ મુશ્કેલ પડી રહ્યું છે. આ સાથે જ બાળકોને અભ્યાસ માટેની ફી ભરવામાં મુશ્કેલી પડી રહી છે. એક સમય હતો કે, હીરા ઘસવાના આ કામમાં મહિને ૧૫ થી ૨૦,૦૦૦ જેટલું કામ થતું હતું. પરંતુ હવે એ આવક ૧૦,૦૦૦ થી નીચેની થઈ ગઈ છે. હવે ડાયમંડ ઉદ્યોગમાં તેજી આવે તો અમારી દિવાળી સુધરી શકે. વર્ષોથી ગુજરાતમાં સુરતને ભલે ડાયમંડ નગરી કહેવતી હોય પણ અમદાવાદમાં મિલો બંધ થયા પછી શહેરને આર્થિક રીતે સધ્ધર રાખવામાં હીરા ઉદ્યોગનો મહત્વનો ફાળો રહ્યો છે. સમય જતાં બિઝનેસમાં તેજી મંદી રહેતા અનેક વેપારીઓ અન્ય ધંધામાં ડાયવર્ટ થઈ ગયા. છતાં હજુએ અમદાવાદના ઘણા વેપારીઓ ડાયમંડ બિઝનેસ સાથે સંકળાયેલા છે. જેઓ હાલ રશિયા અને યુક્રેન ના યુદ્ધના કારણે મંદીનો માર સહન કરી રહ્યા છે. પણ હવે દિવાળી પછી ઉદ્યોગને સારા દિવસો આવે તેવી આશ વેપારીઓ લગાવીને બેઠા છે. વિવેકાનંદ ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ નરસિંહભાઈ પટેલ જણાવે છે કે અમદાવાદ પૂર્વ વિસ્તાર નાના મોટા ૭૦૦ કારખાના છે અને સવા લાખથી વધુ લોકો રોજગારી મેળવી રહ્યા છે. હાલમાં જી રાષ્ટ્રોના નિર્ણયથી ભારતમાં રફ માલની આયાત સરળતાથી થઈ શકશે. તો અમદાવાદ ડાયમંડ એસોસયેશનના પૂર્વ મંત્રી મગનભાઈ પટેલ પણ દિવાળી બાદ હીરા ઉદ્યોગના સારા દિવસો આવે તેવી આશા રાખી રહ્યા છે. સમાન્ય રીતે દિવાળીમાં અમદાવાદમાં હીરા ઉદ્યોગમાં કારીગરોને ૨૦ દિવસનું વેકેશન હોય છે. જો મંદીના વાદળ હટશે તો વેકેશન ૧૨ દિવસનું થઈ જશે મંદી નહિ હટે તો દોઢ મહિનાનું વેકેશન નક્કી છે.

### વિધાનસભાની ચૂંટણી જાહેર થતા રાજકીય ગતિવિધિ તેજ

# મધ્યપ્રદેશ અને રાજસ્થાન ભાજપના બે શક્તિશાળી નેતાઓને લઈને મોટું સસ્પેન્સ

## મ.પ્ર. માં શિવરાજને મુખ્યપ્રધાન પદ પાછું મળવા અંગે શંકા, વસુંધરા પણ કોઈ જવાબદારી ન મળતા મૂંઝવણમાં

નવી દિલ્હી, તા.૯

મધ્યપ્રદેશ અને રાજસ્થાનના બે શક્તિશાળી અને દિગ્ગજ નેતા હાલના દિવસોમાં ભારે મૂંઝવણ અને તેમની ભૂમિકાને લઈને ભારે સસ્પેન્સના સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ચૂંટણીની જાહેરાતના થોડા દિવસો પહેલા ભાવુક જોવા મળ્યા હતા. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે જો રાજ્યમાં ભાજપ ફરી સત્તામાં વાપસી કરશે તો તો શિવરાજને કદાચ સુકાની પદ નહીં મળે. એવા સંકેતો છે કે દિલ્હી હાઈકમાન્ડ સીએમ શિવરાજને હવે સીએમ પદનો મોહ છોડવા કહી શકે છે.

હાલમાં જ પોતાના વિધાનસભા ક્ષેત્ર બુધનીમાં એક રેલીને સંબોધિત કરતા શિવરાજે લોકોને પૂછ્યું કે શું તેમણે ચૂંટણી લડવી જોઈએ કે નહીં? આ પહેલા પણ મુખ્યમંત્રીએ તેમના ગૃહ જિલ્લા સિહોરમાં એક સભામાં કહ્યું હતું કે તેમના ગયા પછી લોકો તેમને યાદ કરશે. ખરેખર તો આ ચૂંટણીમાં દિલ્હી દરબારની ઉદાસીનતાના કારણે શિવરાજ સિંહ ચૌહાણની બેચેની વધી ગઈ છે. ચૂંટણી વ્યવસ્થાપનથી માંડીને ટિકિટ વિતરણ સુધી તમામ બાબતો પર રાજ્યમાં હાઈકમાન્ડનું નિયંત્રણ છે. આવી સ્થિતિમાં શિવરાજ ચિંતિત દેખાય છે. દરેક ચૂંટણીમાં યોજાતી જન આશીર્વાદ યાત્રામાં તેઓ પ્રથમ વખત મુખ્ય ચહેરો નહોતા. પાર્ટી પણ પોતાના ચહેરાને બદલે મોદીના ચહેરાને સામે રાખીને ચૂંટણી મેદાનમાં ઉતરી છે.

ભાજપની બીજી યાદીએ પણ ચૌહાણની ચિંતા વધારી દીધી છે. પાર્ટીએ ત્રણ કેન્દ્રીય મંત્રીઓ સહિત ચાર સાંસદોને મેદાનમાં ઉતાર્યા છે. કેન્દ્રીય મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ, ફગ્ગન સિંહ કુલસ્તે અને સાંસદ ગણેશ સિંહ, રાકેશ સિંહ, ઉદય પ્રતાપ સિંહ અને રીતિ પાઠક ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે પાર્ટીના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીય ઈન્દોર ૧ બેઠક પરથી મેદાનમાં છે. શક્તિશાળી નેતાઓ મેદાનમાં ઉતર્યા બાદ, એવી અટકળોએ જોર પકડ્યું છે કે પાર્ટી રાજ્યમાં નેતૃત્વ બદલવાની વિચારણા કરી રહી છે.

આ નેતાઓને મેદાનમાં ઉતારીને પાર્ટીએ માત્ર શિવરાજને જ નહીં પરંતુ જનતાને પણ સંદેશ આપ્યો છે કે જો પાર્ટી ૨૦૨૩માં જીતશે તો આમાંથી એક નેતાને સરકારનું નેતૃત્વ સોંપવામાં આવી શકે છે. જો કે, પાર્ટીએ હજુ સુધી સીએમ ચહેરાની જાહેરાત કરી નથી કે ચૌહાણને ફરીથી સીએમ બનાવવાની કોઈ ખાતરી આપી નથી. આવી સ્થિતિમાં ચૌહાણ એકલા લડતા જોવા મળે છે. શિવરાજ દરરોજ ઓછામાં ઓછી ત્રણથી ચાર રેલીઓ કરતા જોવા મળે છે. દરેક રેલીમાં તેઓ પોતાના ૧૮ વર્ષના કાર્યકાળમાં થયેલા કામો વિશે જનતાને જણાવી રહ્યા છે.

ભાજપના અન્ય એક નેતા અને રાજસ્થાનના પૂર્વ સીએમ વસંધુરા રાજે સિંધિયા પણ આવી જ મુંઝવણમાં ફસાયા છે. રાજ્યના પૂર્વ સીએમ અને શક્તિશાળી નેતાને હજુ સુધી કોઈ મહત્વની જવાબદારી આપવામાં આવી નથી. આમ છતાં રાજે ચૂંટણી પહેલા જ પોતાના પ્રચારમાં વ્યસ્ત છે. તે પોતાના સમર્થકો દ્વારા આયોજિત કાર્યક્રમોમાં સતત ભાગ લેતા રહે છે. પરંતુ ચૂંટણીમાં ભૂમિકા નક્કી ન થવાને કારણે વસુંધરા ચિંતિત અને નારાજ છે. તેની અસર ભાજપની પરિવર્તન યાત્રાઓમાં પણ જોવા મળી હતી.

રાજસ્થાનમાં જયપુર, ચિત્તોડગઢ અને જોધપુરમાં પીએમ મોદીની સભાઓથી વસુંધરા અને તેમના સમર્થકોની આશાઓને ફરી એકવાર ઝટકો લાગ્યો. જ્યારે મોદીએ વારંવાર કહ્યું કે રાજસ્થાનમાં ભાજપનો ચહેરો માત્ર 'કમળનો ફૂલ' નું પ્રતીક જ હશે. મોદીએ વારંવાર સ્પષ્ટ કર્યું છે કે રાજસ્થાનમાં ભાજપ કોઈના ચહેરા પર ચૂંટણી નહીં લડે. એટલે કે રાજસ્થાનની ચૂંટણી પણ મોદીના ચહેરા પર જ લડવામાં આવશે.

પૂર્વ સીએમ રાજેના ચહેરા પર ભાજપની ઉદાસીનતા સ્પષ્ટ દેખાય છે. રાજકીય વર્તુળોમાં આને લઈને અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. જયપુર, ચિત્તોડગઢ અને જોધપુરમાં પીએમની સભાઓ પર નજર કરીએ તો વસુંધરાને એક પણ જગ્યાએ સંબોધન કરવાનો સમય આપવામાં આવ્યો ન હતો.

માત્ર વિપક્ષના નેતા રાજેન્દ્ર રાઠોડ, ગજેન્દ્ર સિંહ શેખાવત અને સીપી જોશી પીએમ મોદીની સભાને સંબોધતા જોવા મળે છે. આ વાત વસુંધરાના સમર્થકોને ઘણી પરેશાન કરી રહી છે. વડાપ્રધાનની બેઠકો દરમિયાન વસુંધરાને સાઈડલાઈન કરવામાં આવી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ છે. વસુંધરાનું ભાષણ પણ જયપુરમાં થયું ન હતું. આ દરમિયાન મોદીએ વસુંધરાને એક ક્ષણ પણ જોયા ન હતા. ત્યારથી વસુંધરાના ચહેરા પર ચિંતાની રેખાઓ સ્પષ્ટ દેખાઈ રહી છે. તાજેતરમાં જ અમિત શાહ અને જેપી નડ્ડા જયપુર આવ્યા હતા. આ દરમિયાન તેમણે વસુંધરા સાથે લાંબા સમય સુધી વાત કરી. જોકે, આ મીટિંગ બાદ વસુંધરા ખૂબ જ ખુશ દેખાઈ રહી હતી. રાજકારણમાં એવી અટકળો ચાલી રહી હતી કે બંને નેતાઓએ વસુંધરાને મનાવી લીધા છે. પરંતુ જોધપુરની સભામાં વસુંધરાને ફરી એકવાર સાઈડલાઈન કરાતાં ભાજપમાં રાજકારણ ગરમાયું છે.

### ઈઝરાયેલ-હમાસના યુધ્ધમાં વિશ્વના નાગરિકો ફસાયા

# રાજ્યસભાના સાંસદ સહિત ૨૭ ભારતીય ઈઝરાયેલમાં ફસાયા

મેઘાલય, તા.૯

ઈઝરાયેલ અને હમાસના યુદ્ધમાં અન્ય દેશોના લોકો ફસાયા છે. બોલીવુડ અભિનેત્રીનુસરત ભરુચા પણ ઈઝરાયેલમાં ફસાઈ હતી. જોકે તે રવિવારે સુરક્ષીત રીતે ભારત પાછી ફરી હતી. હજી ભારતા ૨૭ નાગરિકો ઈઝરાયેલમાં ફસાયા છે જેમાં રાજ્યસભાના એક સાંસદ પણ છે તેવી જાણકારી મળી છે. આ તમામ લોકો મેઘાલયના હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે ઈઝરાયેલમાં ફસાયેલા આ ૨૭ લોકો અંગે એક મોટી અપડેટ આવી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મેઘાલયના ૨૭ લોકો ઈઝરાયેલમાં ફસાયા હોવાની જાણકારી મળી રહી છે. મેઘાલયના મુખ્ય પ્રધાન કોનરાડ કે. સંગમાએ મીડિયાને આપેલી જાણકારી મુજબ આ તમામ લોકો સુરક્ષીત હોવાનું કહેવાઈ રહ્યું છે. મેઘાલયના મુખ્ય પ્રધાન કોનરાડ કે. સંગમાએ કહ્યું કે, તમામ ૨૭ નાગરિકો સુરક્ષિત હોવાની જાણકારી વિદેશ મંત્રાલય તરફથી મળી છે.

મેઘાલયના મુખ્ય પ્રધાન સંગમાએ ટ્વીટર પોસ્ટમાં લખ્યું છે કે, લેટેસ્ટ જાણકારી મુજબ વિદેશ મંત્રાલય અને અમારા ભારતીય મિશનના પ્રયાસોથી ઈઝરાયેલ-હમાસના સંઘર્ષ ક્ષેત્રમાં ફસાયેલા મેઘાલયના અમારા ૨૭ નાગરિકોએ બોર્ડર ક્રોસ કરી લીધી છે. તેઓ હાલમાં ઈજીપ્તમાં છે.

૬ ઓક્ટોબરના રોજ પેલેસ્ટીની આતંકવાદી સંગઠન હમાસે ઈઝરાયેલ પર ૫૦૦૦ વધુ મિસાઈલ ચોડી હતી. આ હુમલાને કારણે ઈઝરાયેલનું મોટું નુકસાન થયું છે. આ હુમલા બાદ ઈઝરાયેલે હમાસની સામે યુદ્ધ જાહેર કરી દીધુ છે. આ સંઘર્ષમાં અત્યાર સુદી ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન મળીને કુલ ૧૧૦૦થી વધુ લોકોનું મૃત્યુ થયું છે. જ્યારે હજારો લોકો ઈજાગ્રસ્ત છે. હમાસ અને ઈઝરાયેલ વચ્ચે હજી પણ એકબીજા પર હુમલા ચાલી થઈ રહ્યાં છે.

### પ્રફૂલ પટેલના ગૃહ જિલ્લામાં રાષ્ટ્રવાદી પક્ષમાં ગાબડું

# ગોંદિયામાં એનસીપીમાં ફૂટ બાદ ૩૦૦ કાર્યકર્તાનો કોંગ્રેસમાં પ્રવેશ

## હાલમાં ભાજપના કાર્યકર્તાઓ ત્રાસ આપી રહ્યાં હોવાનો આક્ષેપ કરી રાષ્ટ્રવાદીના કાર્યકર્તાઓએ કોંગ્રેસનો હાથ પકડ્યો છે

ગોંદિયા, તા.૯

પ્રફુલ પટેલનો ગૃહ જિલ્લો એટલે કે ગોંદિયામાં રાષ્ટ્રવાદિના ગઢમાં ગાબડું પડ્યું છે. યુવા રાષ્ટ્રવાદીના તાલુકા અધ્યક્ષ સહિત ૩૦૦ કાર્યકર્તાઓએ કોંગ્રેસમાં પ્રવેશ કર્યો છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસમાં પડેલી ફૂટ બાદ આ તમામ કાર્યકર્તાઓ પ્રફુલ પટેલ સાથે હતાં. જોકે હાલમાં ભાજપના કાર્યકર્તાઓ ત્રાસ આપી રહ્યાં હોવાનો આક્ષેપ કરી રાષ્ટ્રવાદીના કાર્યકર્તાઓએ કોંગ્રેસનો હાથ પકડ્યો છે.

૨ જુલાઈ ૨૦૨૩ના રોજ મહારાષ્ટ્રના રાજકારણમાં એક મોટો [redacted] ગૃહ જિલ્લો હોવાથી અહીં રાષ્ટ્રવાદીમાં કોઈ ભાગલા જોવા મળ્યા નહતાં. જોકે આ ભાગલા બાદ ઉપરના સ્તરે શિવસેવા, ભાજપ અને રાષ્ટ્રવાદી (અજિત પવાર જૂથ) ભેગા થવાથી સામાન્ય કાર્યક્રતાઓને પણ સાથે કામ કરવાની ફરજ પડી હતી. જોકે રાષ્ટ્રવાદી, શિવસેના અને ભાજપ એક સાથે કામ કરી રહી છે ત્યારે સામાન્ય કાર્યકર્તાઓમાં ઘણાં પ્રશ્નો ઊભા થયા હતાં. ભાજપના કાર્યકર્તાઓ રાષ્ટ્રવાદીના કાર્યકર્તાઓને ત્રાસ આપી રહ્યાં છે એવા આક્ષેપ સાથે રાષ્ટ્રવાદી કોંગ્રેસના કાર્યકર્તાઓએ કોંગ્રેસમાં પ્રવેશ કર્યો હતો. ગોંદિયા જિલ્લાના [redacted]ળમાં આવેલ [redacted] યુવા રાષ્ટ્રવા[redacted]હીત બનોટે સહિ[redacted] ૩૦[redacted]ાર્યકર્તાઓએ [redacted] કોંગ્રેસનો સાથ છોડી કોંગ્રેસનો હાથ પકડ્યો છે. જેને કારણે રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર જૂથ)ને ગોંદિયામાં મોટો ઝાટકો લાગ્યો છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ સહિત મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વિદ્યાર્થી સેનાના જિલ્લા અધ્યક્ષ રાહુલ હટવારે પણ તેના ૧૦૦ કાર્યકર્તાઓ સાથે કોગ્રેસમાં પ્રવેશ કર્યો હતો. ઉપરાંત ભાજપના પણ ૫૦ કાર્યકર્તાઓએ કોંગ્રેસમાં પક્ષ પ્રવેશ કર્યો છે. કોંગ્રેસના દેવરી-આમગાવ વિધાનસભા ક્ષેત્રના વિધાન સભ્ય સહસરામ કોરોટેના નેતૃત્વ પર વિશ્વાસ રાખીને લગભગ ૪૫૦ કાર્યકર્તાઓએ [redacted]

[redacted]

### બોલિવૂડના અભિનેતાના ફેન્સ માટે ચિંતાના સમાચાર


# સતત ધમકી મળતા શાહરૂખ ખાનને વાય સુરક્ષા અપાઈ

મુંબઈ, તા.૯

બોલીવૂડના બાદશાહ શાહરૂખ ખાન માટે વર્ષ ૨૦૨૩ ખુબ જ સારું રહ્યું છે. જાન્યુઆરીમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ પઠાને બોક્સ ઓફિસ પર ધૂમ કમાણી કરી હતી.

ત્યારબાદ ૭ સેપ્ટેમ્બરે રિલીઝ થયેલી શાહરૂખની ફિલ્મ જવાનને પણ દર્શકોએ ખુબ પસંદ કરી હતી. બોક્સ ઓફિસ પર ફિલ્મ જવાને પણ જબરદસ્ત કમાણી કરી છે. જો કે આ દરમિયાન શાહરૂખના ફેન્સને ચિંતિત કરનાર સમાચાર આવી રહ્યા છે. મળેલ અહેવાલ મુજબ શાહરૂખ ખાનને સતત જાનથી મારવાની ધમકીઓ મળી રહી હતી જે પછી મહારાષ્ટ્ર સરકારે તેની સુરક્ષા વધારી દીધી છે.

શાહરૂખ ખાનને આપવામાં આવેલી સુરક્ષા અંગે મહારાષ્ટ્ર પોલીસે નિવેદન આપતા જણાવ્યું કે 'શાહરૂખ ખાનને કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યા બાદ મહારાષ્ટ્ર સરકારે તેને વાય સિક્યોરીટી આપીને તેની સુરક્ષા વધારી છે. શાહરૂખ ખાને મહારષ્ટ્ર સરકારને



લેખિતમાં ફરિયાદ કરી હતી કે 'પઠાન' અને 'જવાન' પછી તેને સતત જાનથી મારી નાખવાની ધમકી આપતા ફોન આવી રહ્યા છે.'

શાહરૂખ ખાન પહેલા બોલીવૂડના ભાઈજાન એટલે કે સલમાન ખાનને પણ લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી સતત જાનથી મારી નાખવાની ધમકીઓ મળતા વાય સિક્યોરીટી આપવામાં આવી હતી. વાત કરીએ શાહરૂખ ખાન અને નયનતારા સ્ટારર ફિલ્મ જવાનની તો આ ફિલ્મે ઈન્ડિયન બોક્સ ઓફિસ પર ૬૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી છે.

### ગોલ્ડ બરાડના નામે ધમકી આપવામાં આવી

# મહારાષ્ટ્રના કોંગ્રેસના ધારાસભ્ય અસલમ શેખને મારી નાખવા ધમકી

## પોલીસે આ મામલે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે, કોંગ્રેસના ધારાસભ્યને બે વખત ધમકીભર્યા ફોન આવ્યા હતા

મુંબઈ, તા.૯

મહારાષ્ટ્રમાં કોંગ્રેસના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી અસલમ શેખને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધમકી આપનાર વ્યક્તિએ પોતાની ઓળખ ગોલ્ડી બરાડ તરીકે આપી છે. પોલીસે આ મામલે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. કોંગ્રેસના ધારાસભ્યને બે વખત ધમકીભર્યા ફોન આવ્યા હતા. ફોન પરના વ્યક્તિએ અસલમ શેખના અંગત સહાયકને કહ્યું કે, હું ગોલ્ડી બરાડ બોલી રહ્યો છું અને અસલમ શેખને ૨ દિવસમાં ગોળી મારી દેવામાં આવશે.

પોલીસે આ મામલે જાણકારી આપતા જણાવ્યું કે, અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆરનોંધવામાં આવી છે અને ફોન કોલ કરનાર વ્યક્તિને ટ્રેસ કરવા માટે એક ટીમની રચના કરવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું કે, વ્યક્તિ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ (૨) અને ૫૦૭ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

અધિકારીએ જણાવ્યું કે, આ મામલે તપાસ ચાલી રહી છે. ટૂંક સમયમાં આ કોલરને શોધી કાઢવામાં આવશે. આ ફોન કોલ અસલમ શેખના અંગત સહાયક અને વકીલ વિક્રમ કપૂરે રિસીવ કર્યો હતો. અસલમ શેખ તે સમયે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસમાં હાજર હતા.

ગોલ્ડી બરાડ હાલમાં ફરાર ચાલી રહ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બરાડ હાલમાં કેનેડામાં છે અને દેશના અનેક રાજ્યોની પોલીસ માટે વોન્ટેડ છે. પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યાનો કથિત માસ્ટરમાઈન્ડ પણ બરાડ જ છે. એટલું જ નહીં ગોલ્ડી બરાડ બોલીવુડ એક્ટર સલમાન ખાનને પણ ધમકી આપી ચૂક્યો છે અને હની સિંહને પણ ધમકી મળી ચૂકી છે. હની સિંહે પોતે આ વાતની જાણકારી આપતા જણાવ્યું હતું કે, તેમને વોઈસ નોટ દ્વારા ધમકી મળી છે.

### ભાજપે છત્તીસગઢની ૬૪ બેઠકો માટે ઉમેદવાર જાહેર કર્યા

# પૂર્વ સીએમ ડો. રમણસિંહ રાજનાંદગાંવથી ચૂંટણી લડશે

## છત્તીસગઢની યાદીમાં ભાજપે ૩ સાંસદને પણ ટિકિટ આપી

રાયપુર, તા.૯

મધ્યપ્રદેશ અને રાજસ્થાન બાદ ભાજપે છત્તીસગઢ વિધાનસભા ચૂંટણી માટે પણ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ભાજપે રાજ્યની ૬૪ વિધાનસભા બેઠકો માટે ઉમેદવારો જાહેર કર્યા છે. આદિવાસી પ્રભુત્વ ધરાવતા રાજ્યમાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો છે. રાજનાંદગાંવથી પૂર્વ સીએમ ડો. રમણ સિંહને તક આપવામાં આવી છે. આ ઉપરાંત લોરમીથી પ્રદેશ પ્રમુખ અરુણ સાઓને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. છત્તીસગઢની યાદીમાં ભાજપે ત્રણ સાંસદોને પણ ટિકિટ આપી છે. જેમાં પથલગાંવના સાંસદ શ્રીમતી ગોમતી સાઈ અને ભરતપુર સોનહાટના સાંસદ રેણુકા સિંહનો સમાવેશ થાય છે. આ સિવાય અરુણ સાઓ પણ સાંસદ છે. છત્તીસગઢની ૯૦ બેઠકો પર વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કાનું મતદાન ૭ નવેમ્બર અને બીજા તબક્કાનું મતદાન ૧૭ નવેમ્બરના રોજ થવાનું છે. આ ચૂંટણી માટે મતદાન ગણતરી ૩ ડિસેમ્બરના રીજ યોજાશે. છેલ્લી વિધાનસભા ચૂંટણી નવેમ્બર ૨૦૧૮માં યોજાઈ હતી. જેમાં કોંગ્રેસનો વિજય થયો હતો અને ભૂપેશ બઘેલ રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા. રાજ્યમાં કુલ ૨.૦૩ કરોડ મતદાતાઓ છે.

### CWCની બેઠક બાદ રાહુલ ગાંધીની મોટી જાહેરાત !

# હવે તમામ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં કરાશે જાતિ ગણતરી

## કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠકમાં જાતિ જનગણના પર સર્વસંમતિ સધાઈ : સમિતિએ ઐતિહાસિક નિર્ણય લીધો : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૯

લોકસભાની ચૂંટણી પહેલાં રાહુલ ગાંધીનો નવો દાવ. ભાજપની પછાડવા રાહુલ ગાંધીએ ખેલ્યું જાતિ ગણતરીનું કાર્ડ. દિલ્લી ખાતે મળેલી કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક બાદ રાહુલ ગાંધીએ કરી મોટી જાહેરાત.

હવે તમામ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં જાતિ જનગણના કરવામાં આવશે. ઉલ્લેખનીય છેકે, આગામી વર્ષે દેશમાં લોકસભાની ચૂંટણીઓ આવી રહી છે.

ત્યારે અત્યાર સુધી કોંગ્રેસ વિવિધ મુદ્દાઓ પર ભાર મુકીને જન માનસ પર અસર છોડવાનો પ્રયાસ કરી રહી હતી. ત્યારે CWC એટલેકે, કોંગ્રેસ વર્કિંગ કમિટિની બેઠક બાદ આખરે કોંગ્રેસને લોકસભાનો મુદ્દો મળી ગયો છે.

ખુદ રાહુલ ગાંધીએ આ અંગેની જાહેરાત કરી દીધી છે. લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસે જાતિ ગણતરીના મુદ્દા પર આગળ વધવાનું નક્કી કર્યું છે.

કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠકમાં જાતિ જનગણના પર સર્વસંમંતિ સધાઈ હતી. કાર્યકારી સમિતિની બેઠક બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે સમિતિએ ઐતિહાસિક નિર્ણય લીધો છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં જાતિની વસ્તી ગણતરી કરવામાં આવશે. રાહુલ ગાંધીએ કહ્યું કે હવે દેશ જાતિ ગણતરી ઈચ્છે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે વર્કિંગ કમિટીમાં જાતિ ગણતરીના મુદ્દા પર ૪ કલાક ચર્ચા થઈ.

રાહુલ ગાંધીએ આશા વ્યક્ત કરી હતી કે INDIA ગઠબંધનના સહયોગી આ માટે સહમત થશે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે જે વચન આપીએ છીએ તે પાળીએ છીએ. કોંગ્રેસ નેતાએ કહ્યું કે અમે જ્ઞાતિની વસ્તી ગણતરી માટે ભાજપ પર દબાણ બનાવીશું. રાહુલે કહ્યું કે જો તેઓ આમ નહીં કરે તો તેમણે પાછળ હટી જવું જોઈએ કારણ કે દેશ જાતિની વસ્તી ગણતરી ઈચ્છે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે જાતિ ગણતરી બાદ આર્થિક સર્વે પણ કરવામાં આવશે. રાહુલ ગાંધીએ કહ્યું કે દરેકને ન્યાય મળે તે માટે જાતિની વસ્તી ગણતરી કરવામાં આવશે.

પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે સરકાર પાસે ડેટા છે અને તેને જાહેર કરવો જોઈએ. કોંગ્રેસ નેતાએ ફરી એકવાર OBC મુદ્દે પીએમ મોદીને ઘેર્યા છે.

રાહુલે કહ્યું કે પીએમ નથી ઈચ્છતા કે ઓબીસીની કોઈ ભાગીદારી ન હોય. તેમણે કહ્યું કે અમે વસ્તીના આધારે હિસ્સેદારી એટલેકે, ભાગીદારી ઈચ્છીએ છીએ.

### ભારતની વર્લ્ડ કપમાં બીજી મેચ દિલ્હીમાં રમાશે

# શુભમન ગિલ અફઘાનિસ્તાન સામેની મેચ નહીં રમી શકે

## દિલ્હીમાં ૧૧મી એ ભારત - અફઘાનિસ્તાન વચ્ચે મેચ રમાશે

નવી દિલ્હી, તા.૯

ભારતે ઓસ્ટ્રેલિયા સામે ગઈકાલે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટથી હરાવ્યું હતું. પરંતુ ભારતીય ક્રિકેટ ટીમ માટે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની શરૂઆતથી જ મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લઈ રહી નથી. ટીમના સ્ટાર ઓપનર શુભમન ગિલ ડેન્ગ્યૂના કારણે ઓસ્ટ્રેલિયા સામે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની પ્રથમ મેચ રમી શક્યો ન હતો. હવે સમાચાર આવી રહ્યા છે કે ગિલ દિલ્હીમાં અફઘાનિસ્તાન સામે રમાનાર મેચમાં પણ ભાગ લઈ શકશે નહીં.

શુભમન ગિલને લઈને બીસીસીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા મેડિકલ અપડેટમાં જણાવવામાં આવ્યું છે કે તે અફઘાનિસ્તાન સામે રમાનાર વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની બીજી મેચમાં પણ ભારતીય ટીમમાં સામેલ થઈ શકશે નહીં. તે ચેન્નાઈમાં રહીને પોતાની સારવાર કરાવશે.

ભારતીય ટીમ આજે બીજી મેચ રમવા માટે દિલ્હી જશે પરંતુ ગિલ ટીમ સાથે નહીં હોય. તે ચેન્નાઈમાં જ રહીને મેડિકલ ટીમની દેખરેખ હેઠળ રહેશે. દિલ્હીમાં ૧૧ ઓક્ટોબરે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મેચ રમાશે. ઓસ્ટ્રેલિયા સામે વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની પ્રથમ મેચમાં ભારતીય ટીમે શુભમન ગિલની ખોટ અનુભવી હતી. શુભમનના ગિલની જગ્યાએ ઈશાન કિશનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો હતો. તે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા સાથે ઓપનિંગ કરવા આવ્યો હતો. જો કે તે કંઈ ખાસ કરી શક્યો ન હતો.

### વન-ડે વર્લ્ડ કપ-૨૦૨૩માં ભારતની વિજયી શરૂઆત

# ભારતનો સતત ચોથા વર્લ્ડ કપની પ્રથમ મેચમાં વિજય

## ૨૦૦૩, ૨૦૦૭, ૨૦૧૧, ૨૦૧૫ અને ૨૦૧૯માં અનુક્રમે પાકિસ્તાન, સ્કોટલેન્ડ, ઝિમ્બાબ્વે, ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાનને હરાવ્યા

નવી દિલ્હી, તા.૯

ભારતીય ટીમે તેના વન-ડેવર્લ્ડ કપ૨૦૨૩ના અભિયાનની શરૂઆત જીત સાથે કરી હતી. ગઈકાલે ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી મેચમાં ભારતે ૬ વિકેટથી જીત મેળવી હતી. ભારતીય ક્રિકેટ ટીમે સતત ચોથી વખત વન-ડેવર્લ્ડ કપમાં પ્રથમ મેચ જીતી હતી. ભારતે વર્લ્ડ કપ૨૦૦૩ની પ્રથમ મેચમાં નેધરલેન્ડ્સને હરાવ્યું હતું. જો કે વર્લ્ડ કપ૨૦૦૭માં ભારતીય ટીમને પ્રથમ મેચમાં બાંગ્લાદેશ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તે પછી ભારતે વન-ડેવર્લ્ડ કપ ૨૦૧૧, ૨૦૧૫ અને ૨૦૧૯માં સતત પ્રથમ મેચ જીતી હતી. આ ઉપરાંત ગઈકાલે રમાયેલી મેચમાં ઘણાં બીજા રેકોર્ડ પણ બન્યા હતા.ઓસ્ટ્રેલિયાએ વન-ડે વર્લ્ડ કપ ૨૦૦૩, ૨૦૦૭, ૨૦૧૧, ૨૦૧૫ અને ૨૦૧૯માં અનુક્રમે પાકિસ્તાન, સ્કોટલેન્ડ, ઝિમ્બાબ્વે, ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાનને હરાવ્યા હતા. આ પ્રથમ વખત હતું જ્યારે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમને તેની પહેલી મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ભારત સામે મળેલી હારથી ઓસ્ટ્રેલિયન ટીમની વન-ડે વર્લ્ડ કપમાં પ્રથમ મેચમાં જીતનો સિલસિલો તૂટી ગયો હતો.

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ પોતાના નામે એક ખાસ રેકોર્ડ કર્યો હતો. વિરાટ કોહલી વનડે ફોર્મેટમાં ૧૧૩ વખત ૫૦ રનનો આંકડો પાર કરનાર પ્રથમ નોન-ઓપનર બની ગયો છે. જ્યારે આ લિસ્ટમાં કુમાર સંગાકારા બીજા નંબરે છે. ઓસ્ટ્રેલિયન પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ અને દક્ષિણ આફ્રિકાના પૂર્વ દિગ્ગજ ખેલાડી જેક કાલિસ ત્રીજા અને ચોથા નંબર પર છે. કુમાર સંગાકારા, રિકી પોન્ટિંગ અને જેક કાલિસે આ સિદ્ધિ અનુક્રમે ૧૧૨, ૧૦૯ અને ૧૦૨ વખત હાંસલ કરી છે. વિરાટ કોહલી એ બીજી એક સિદ્ધિ હાંસલ કરી છે. તે આઈસીસીટૂર્નામેન્ટમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. કોહલીએ આઈસીસીટૂર્નામેન્ટમાં ૬૪ ઈનિંગ્સમાં ૨,૭૮૫ રન બનાવ્યા છે. જ્યારે સચિન તેંડુલકર ૫૮ ઈનિંગ્સમાં ૨૭૧૯ રન સાથે બીજા નંબરે છે. આ પછી રોહિત શર્મા, યુવરાજ સિંહ અને સૌરવ ગાંગુલી છે. રોહિત શર્મા, યુવરાજ સિંહ અને સૌરવ ગાંગુલીએ આઈસીસીટૂર્નામેન્ટમાં અનુક્રમે ૨૪૨૨, ૧૭૦૭ અને ૧૬૭૧ રન બનાવ્યા છે. વર્લ્ડ કપના ઈતિહાસમાં આ પ્રથમ વખત હતું જ્યારે ઓસ્ટ્રેલિયન ટીમ ચેન્નાઈમાં કોઈ મેચ હારી હતી. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ વન-ડે વર્લ્ડ કપ ૧૯૮૭માં ભારતને હરાવ્યું હતું. તે જ વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાએ ઝિમ્બાબ્વેને હરાવ્યું હતું. આ પછી વન-ડે વર્લ્ડ કપ ૧૯૯૬માં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની ટીમ વચ્ચે ચેન્નાઈના મેદાનમાં ટક્કર થઈ હતી. આ મેચમાં પણ ઓસ્ટ્રેલિયાની ટીમ જીતી હતી. પરંતુ ગઈકાલે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને ચેન્નાઈના મેદાન પર ભારત સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયન ટીમ ચેન્નાઈમાં વન-ડે વર્લ્ડ કપની ૪ મેચ રમી ચૂકી છે. જેમાં તેણે ૩માં જીત મેળવી છે જ્યારે ૧ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

### દેશમાં વિદ્યાર્થીઓની આત્મહત્યા રોકવા પ્રયાસ

# વિદ્યાર્થીઓની આત્મહત્યા નિવારવા સરકારની નવી ગાઈડલાઈન ઉમ્મીદ

## આ નવી ગાઈડલાઈન્સ મુજબ હવે સ્કૂલમાં સુસાઇડ પ્રિવેન્શન માટે પ્લાન ઓફ એક્શન તૈયાર કરવાનું રહેશે

નવી દિલ્હી, તા.૯

ભારતમાં એક સરકારી ડેટા મુજબ વર્ષ ૨૦૨૧માં લગભગ ૧૩ હજાર વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્યા કરવામાં આવી હતી. જ્યારે ૨૦૨૦-૨૧માં ૪.૫ ટકા ઓછી આત્મહત્યા થઈ હતી. ડબલ્યુએચઓમુજબ ભારતમાં દર વર્ષે લગભગ ૭ લાખ લોકો આત્મહત્યા કરે છે, જેમાં ૧૫-૨૯ વર્ષમાં કરવામાં આવતી આત્મહત્યા ખુબ ગંભીર સમસ્યા છે. જેથી કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર આવા આત્મહત્યાના કિસ્સા રોકવા માટે ઘણા પ્રયાસો કરે છે. જેમાં શિક્ષકોને વિદ્યાર્થીઓ પર ઓછો દબાવ કરવા માટે પણ કહેવામાં આવે છે. પરંતુ હવે આ સમસ્યાને નિવારવા માટે સરકાર એક ગાઈડલાઈન લઈને આવી છે, જેનું નામ ઉમ્મીદ છે.

આ નવી ગાઈડલાઈન્સ મુજબ હવે સ્કૂલમાં સુસાઈડ પ્રિવેન્શન માટે પ્લાન ઓફ એક્શન તૈયાર કરવાનું રહેશે. જેને ધ્યાનમાં લઈને સ્કુલમાં એક વેલનેસ ટીમને સેટઅપ કરવામાં આવશે. આ ટીમનું મુખ્ય કામ સ્કૂલનાં બધા જ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરીને તેમના ડીપ્રેશન અને આત્મહત્યા કે પોતાની જાતને નુકશાન પહોચાડવાના કોઈ પણ લક્ષણને ઓળખી, સમજી અને તેને ભાવનાત્મક રીતે સપોર્ટ કરીને બાળકને સમજાવવાનું છે.

ઉમ્મીદ એટલે અંડરસ્ટેન્ડ, મોટીવેટ, મેનેજ, એમ્પેથાઈસ, એમ્પાવરએન્ડ ડેવલોપઆ ૬ બાબતોની મદદથી સરકાર વિદ્યાર્થીઓનો દ્રષ્ટીકોણ સારો બનાવવા ઈચ્છે છે. જેના કારણે વિદ્યાર્થીઓ પોતાને નુકસાન પહોચાડવાની મનોસ્થિતિની સંભાવનાઓ ઓછી થઈ શકે.

યુ - અંડરસ્ટેન્ડ એટલે વિદ્યાર્થીઓને સમજવા
એમ - મોટીવેટ એટલે તેમને પ્રેરિત કરવા
એમ - મેનેજ એટલે ડિપ્રેશનમાંથી પસાર થયા વિદ્યાર્થીઓની સ્થિતિ સમજીને તેને સંભાળવી ઈ - એમ્પેથાઈસ સહાનુભુતિ રાખવી
ઈ - એમ્પાવર એટલે સશક્ત કરવું
ડી - ડેવલોપ વિકાસ કરવો

આ ડ્રાફ્ટમાં એવી કહેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ માટે નવા શહેરમાં જવું, નવી સ્કુલમાં જવું, ઘર અને ઘરના સભ્યોથી દુર થવું જેવી બાબતો સમસ્યાઓનું કારણ બની શકે છે. આ ઉપરાંત આજના બાળકોમાં ક્લાસમાં ટોપ કરવું, સારો રેંક લાવવો, કોમ્પીટીટીવ એક્ઝામમાં ક્વોલિફાય કરવું વગેરે બાબતોનું પ્રેશર હોય છે.

એવી પરીસ્થીતીમાંજો બાળકો સાથે સ્કુલમાં શિક્ષક કે પછી ઘરે માતાપિતા દ્વારા ખીજવામાં આવે કે કોઈ અસંવેદનશીલ વર્તન કરવામાં આવે તો વિદ્યાર્થીઓ કોઈ અ યોગ્ય પગલું ભરી શકે છે જેને ધ્યાનમાં રાખીને ઉમ્મીદની ગાઈડલાઈનમાં શું કરવું જોઈએ તે જણાવવામાં આવ્યું છે. જે મુજબ બધી જ સ્કુલોમાં સ્કુલ વેલનેસ ટીમ બનાવવી જોઈએ. જેમાં પ્રિન્સીપાલ, કાઉન્સીલર, ટીચર, સ્કુલ મેડીકલ ઓફિસર, સ્ટાફ નર્સ સામેલ થશે. સમય સાથે આ ડ્રાફ્ટમાં ફેરફાર કરવામાં આવશે તેમજ ત્રણ નીતિ નિયમોમાં પણ વધારો થઈ શકે છે.

૫ મુદ્દાઓમાં અપેક્ષા ગાઈડલાઈન્સ શું છે તે સમજો

૧. સંખ્યાના આધારે કે રંગ, કપડાં, ચપ્પલના આધારે શાળામાં કોઈ વિદ્યાર્થી સાથે ભેદભાવ કે સરખામણી બિલકુલ થવી જોઈએ નહીં. કોઈપણ સંજોગોમાં બાળકમાં હીન ભાવનાને વિકસિત થવા ન દો.

૨. ગાઈડલાઈન અનુસાર, વેલનેસ ટીમે તમામ કાર્યવાહી શાંતિપૂર્વક કરવાની હોય છે. આત્મહત્યા અટકાવવા માટે દરેક કેમ્પસમાં વિગતવાર એક્શન પ્લાન બનાવવો જોઈએ અને તેનો સમયસર અમલ કરવો જોઈએ. ૩. ઉમ્મીદની ગાઈડલાઈન અનુસાર, પીડિત વિદ્યાર્થીઓને મદદ કરવા માટે માતાપિતાનો સહકાર લેવામાં આવશે. ૪. ડ્રાફ્ટ કહે છે કે માત્ર શાળાના આચાર્ય અથવા શિક્ષક જ નહીં, પરંતુ શૈક્ષણિક સંકુલના દરેક સભ્યએ આ કાર્યમાં ભાગીદાર બનવું પડશે. જો બાળકમાં ડિપ્રેશનના કોઈ લક્ષણ દેખાય છે તો ટીચર તેમજ માતાપિતાએ એક બીજા સાથે વાતચીત કરવી જોઈએ. ૫. માતા-પિતા માટે સાવધાન રહેવું સૌથી જરૂરી છે આ બાબતે શું કે મનોચિકિત્સકોનો મત : આ બાબતમાં મનોચિકિત્સકોનું કહેવાનું છે કે વર્તમાન સમયમાં બાળકોમાં વધતા જતા આત્મહત્યાના પ્રમાણ પાછળનું એક જવાબદાર કારણ સ્માર્ટફોન પણ છે. ઘણા બાળકોને મોબાઈલમાં ગેમ રમવાનું એવું વ્યસન લાગી જાય છે કે તેમને ભણવું ગમતું જ નથી. જેથી તેઓ પરીક્ષામાં સારો રેંક લાવી શકતા નથી અને ડીપ્રેશનમાં ચાલ્યા જાય છે. તેમજ જો માતાપિતા દ્વારા પણ ભણવા બાબતે વધુ વખત કહેવામાં આવે તો પણ બાળકને પસંદ આવતું નથી અને કઈ પણ પગલું ભરી શકે છે. આથી બાળક પહેલા મોબાઈલનું આદિ ન થાય તેનું ધ્યાન રાખવું હિતાવહ છે.

### ભારતે વર્લ્ડ કપમાં તેની પ્રથમ મેચ જીતી લીધી

# ૮૫ રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ બાદ આઉટ થતા કોહલી ગુસ્સે થયો

## કોહલી આઉટ થયો ત્યારે તે ગુસ્સા પર કાબૂ રાખી શક્યો ન હતો, ડ્રેસિંગ રૂમમાં પોતાના માથા પર હાથ મારતો જોવા મળ્યો

ચેન્નાઈ, તા.૯

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ગઈકાલે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની પાંચમી મેચ ચેપોકમાં રમાઈ હતી. ભારતે આ મેચમાં ૬ વિકેટથી જીત નોંધાવી હતી. મેચ દરમિયાન જ્યારે વિરાટ કોહલી આઉટ થયો હતો ત્યારે તે પોતાના ગુસ્સા પર કાબૂ રાખી શક્યો ન હતો. ડ્રેસિંગ રૂમમાં બેસીને તે પોતાના માથા પર હાથ મારતો જોવા મળ્યો હતો.

વિરાટના ગુસ્સાનો આ વીડિયો હાલ સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે ૧૧૬ બોલમાં ૮૫ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. જ્યારે ભારતને જીત માટે ૩૩ રનની જરૂર હતી ત્યારે તેણે પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. તે જોશ હેઝલવુડની ઓવરમાં લાબુશેનના હાથે કેચ આઉટ થયો હતો. જો તેણે આ ભૂલ ન કરી હોત તે સહેલાઈથી પોતાની ૪૮મી સદી પૂરી કરી શકતો હતો. પોતાની આ જ ભૂલને લઈને તે ગુસ્સે થયો હતો. ડ્રેસિંગ રૂમમાં પહોંચતા જ જ્યારે તેણે પોતાના શોટનો રિપ્લે જોયો તો તે ખુબ જ નિરાશ થયો હતો. ભારતે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ના અભિયાનની શરૂઆત ઓસ્ટ્રેલિયા સામે જીતથી કરી છે. ભારતીય બોલરોએ ઓસ્ટ્રેલિયાને માત્ર ૧૯૯ના સ્કોર પર ઓલઆઉટ કરી દીધું હતું. વિરાટ કોહલી (૮૫) અને કે.એલ રાહુલ (૯૭)ની શાનદાર ઈનિંગના કારણે ભારતને જીત મળી હતી. જો કે એક સમયે ભારતીય ટીમ માત્ર ૨ રનમાં ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ મુશ્કેલ પરિસ્થિતિમાં હતી. ત્યારબાદ કોહલી અને રાહુલની ૧૬૫ રનની ભાગીદારીએ ભારતને જીત આપવી હતી.

### ભાજપે મ.પ્ર.-રાજસ્થાન વિધાનસભાના ઉમેદવારો જાહેર કર્યા

# મ.પ્ર. માં શિવરાજ ચૌહાણ બુધનીથી, રાજસ્થાનમાં સાત સાંસદો ચૂંટણી લડશે

## જયપુરના વિદ્યાધરનગરથી પૂર્વ ઉપરાષ્ટ્રપતિ ભૈરોસિંહ શેખાવતના જમાઈ વર્તમાન ધારાસભ્ય નરપતસિંહ રાજવીની ટિકિટ રદ કરાઈ

ભોપાલ, તા.૯

મધ્યપ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૫૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. સીએમ શિવરાજ સિંહ ચૌહાણ બુધનીથી, રાજ્યના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા દતિયાથી, ગોપાલ ભાર્ગવ રેહલીથી, વિશ્વાસ સારંગ નરેલાથી અને તુલસીરામ સિલાવત સાવરથી ચૂંટણી લડશે.

વિધાનસભા ચૂંટણીની જાહેરાત થતા જ ભાજપે રાજસ્થાનની પ્રથમ યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૪૧ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. ભાજપે તેની પ્રથમ યાદીમાં રાજ્યવર્ધન સિંહ રાઠોડ અને દિયા કુમારી સહિત સાત સાંસદોને મેદાનમાં ઉતાર્યા છે. આ યાદીમાં ઘણા ચોંકાવનારા નામો સામે આવ્યા છે. જયપુરના વિદ્યાધરનગરથી પૂર્વ ઉપરાષ્ટ્રપતિ ભૈરોન સિંહ શેખાવતના જમાઈ વર્તમાન ધારાસભ્ય નરપત સિંહ રાજવીની ટિકિટ રદ કરવામાં આવી છે.

### ગુજરાતમાં ટ્રેન યમદૂત બની

# છેલ્લાં ૨૪ કલાકમાં બે લોકો અડફેટે આવી જતા ૨ના કરૂણ મોત થયા

## કીમ-કોસંબા રેલવે ટ્રેક વચ્ચે અવારનવાર ટ્રેન અડફેટે મોત થતા રહે છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ટ્રેનની અડફેટે બે લોકોના મોતથી ચકચાર મચી

સુરત, તા.૯

સુરતના કીમ-કોસંબા રેલ્વે ટ્રેક નજીક અકસ્માતે મોતની ઘટનામાં વધારો થયો છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ટ્રેનની અડફેટે ૨ લોકોના કરૂણ મોત નિપજ્યાં છે. કીમ રેલ્વે ફાટક પર ઓવરબ્રિજના નિર્માણની કામગીરી ચાલી રહી છે. જેને લઈને રાહદારીઓ રેલ્વે ક્રોસિંગનો ઉપયોગ કરી રહ્યા છે. આ કારણે અકસ્માતની ઘટનામાં વધારો થયો છે. મળતી માહિતી અનુસાર, કીમ-કોસંબા રેલવે ટ્રેક વચ્ચે અવારનવાર ટ્રેન અડફેટે મોત થતા રહે છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ટ્રેનની અડફેટે બે લોકોના મોતથી ચકચાર મચી ગયો છે. કીમ રેલ્વે ટ્રેક નજીક પૂરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનની એડફેટે કીમ પરભુનગરના વ્યક્તિનું મોત થયું છે. પરભુનગરના યુવકે ટ્રેન સામે પડતું મુક્યાની આશંકા છે. યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

જ્યારે આજે સવારે જ વંદે ભારત ટ્રેનની અડફેટે અજાણી વ્યક્તિનું પણ મોત થયું છે. આજે સવારે એક વ્યક્તિને વંદે ભારત ટ્રેને એડફેટે લીધી હતી. આ અંગેની જાણ થતાં જ રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસની ટીમ ઘટન સ્થળે દોડી આવી હતી. જે બાદ મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. હાલ પોલીસ દ્વારા આ મૃતકની ઓળખ કરવામાં આવી રહી છે. આપને જણાવી દઈએ કે, નડિયાદ રેલવે સ્ટેશન ખાતે પણ ટ્રેનની એડફેટે એક વૃદ્ધનું મૃત્યુ નિપજ્યું હતું. શનિવારે સાંજે નડિયાદ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર-૧ના છેડા પાસેથી પસાર થતાં ૭૦ વર્ષીય વૃદ્ધને અમદાવાદ-પુરી એક્સપ્રેસ ટ્રેને અડફેટે લીધા હતા, જેમાં તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. જે બાદ તેમના મૃતદેહને પીએમ માટે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### ઇઝરાયલના હુમલાઓ યથાવત

# ગાઝામાં પેલેસ્ટાઇનના ૧.૨૩ લાખ લોકો બેઘર થઈ ગયા

## પેલેસ્ટિનિયન અધિકારીઓનું કહેવું છે કે ગાઝામાં ૩૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે, તેમાં લડવૈયાઓ અને નાગરિકો વચ્ચે ભેદનો ભેદ સામે આવ્યો નથી

નવી દિલ્હી, તા.૯

આતંકવાદી જૂથ હમાસ દ્વારા અચાનક હુમલા બાદ ઈઝરાયેલમાં મૃત્યુઆંક ૬૦૦ને પાર કરી ગયો છે. ઘણા ઈઝરાયેલ મીડિયા આઉટલેટ્સે આ અપડેટ આપ્યું છે. કોન પબ્લિક બ્રોડકાસ્ટર, ચેનલ ૧૨, હારેટ્ઝ અને ટાઈમ્સ ઑફ ઈઝરાયેલ દ્વારા રવિવારે મૃત્યુની આ સંખ્યાની જાણ કરવામાં આવી હતી. તે જાણીતું છે કે શનિવારે વહેલી શરૂ થયેલી લડાઈ પછી, મૃત્યુની સંખ્યા પર ઈઝરાયેલ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

પેલેસ્ટિનિયન અધિકારીઓનું કહેવું છે કે ગાઝામાં ૩૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. જો કે, તેમાં લડવૈયાઓ અને નાગરિકો વચ્ચે ભેદનો ભેદ સામે આવ્યો નથી. અહેવાલ મુજબ ઈઝરાયલે પણ જવાબી કાર્યવાહી માં હમાસના આતંકવાદીઓ પર તબાહી મચાવી દીધી છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈઝરાયેલે હમાસ વિરુદ્ધ પોતાની ટેંક ઉતારી દીધી છે. આ ટેંકોને દક્ષિણના વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. ઈઝરાયલી સૈન્યએ વિવાદિત વિસ્તારમાં હિઝબુલ્લાહના સ્થાનો પર પણ ડ્રોન હુમલા શરૂ કરીને બદલો લીધો છે. આ વિસ્તાર ઈઝરાયલ, લેબનોન અને સીરિયા સાથે જોડાયેલો છે. ઈઝરાયેલના એક અધિકારીએ જણાવ્યું કે સેનાએ ૪૦૦ આતંકીઓને ઠાર કર્યા છે અને ઘણા આતંકીઓને પકડી લેવામાં આવ્યા છે. ઈઝરાયેલી સેનાએ કહ્યું કે તેણે ગાઝામાં ૪૨૬ લક્ષ્યો પર હુમલો કર્યો અને મોટા વિસ્ફોટો સાથે ઘણી રહેણાંક ઈમારતોને નષ્ટ કરી દીધી. આ રીતે ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં ૨ દિવસમાં ૧૦૦૦ લોકોના મોત થયા છે અને સ્થિતિ વણસી રહી છે. યુનાઈટેડ નેશન્સે અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલના હવાઈ હુમલાના કારણે ગાઝામાં પેલેસ્ટાઈનના ૧,૨૩,૦૦૦ લોકો બેઘર થઈ ગયા છે. લગભગ ૭૪ હજાર લોકોએ સ્કૂલોમાં આશરો લીધો છે. હમાસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે જૂથે ૧૦૦થી વધુ લોકોને બંધક બનાવ્યા છે. આમાં ઈઝરાયેલ સેનાના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ છે. ઈરાનનું ટોચનું નેતૃત્વ હમાસને સતત સમર્થન આપી રહ્યું છે. રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાઈસીએ હમાસના હુમલાને પેલેસ્ટાઇનના સૈનિકો અને પેલેસ્ટાઇનના જૂથોની જીત ગણાવી છે. વિદેશ મંત્રી હુસૈન અમીર-અબ્દુલ-અહ્યાને ઈઝરાયેલ-ગાઝામાં થઈ રહેલી હિંસાને વર્ષોથી ચાલી રહેલા અત્યાચાર અને અપરાધોની પ્રતિક્રિયા તરીકે ગણાવી છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સએ કહ્યું છે કે તેણે હમાસના મુખ્ય સ્થાનો પર બોમ્બમારો કર્યો છે. આમાં જબાલિયા વિસ્તારમાં એક ધાર્મિક સ્થળનો પણ સમાવેશ થાય છે, જેનો ઉપયોગ હમાસ લડવૈયાઓ કરી રહ્યા હતા. હમાસની નૌકાદળ સાથે સંકળાયેલા મોહમ્મદ કાશતાની એક ઈમારત પણ ધ્વસ્ત થઈ ગઈ છે. ઈઝરાયેલ પર હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ઈમરજન્સી બેઠક યોજી હતી. યુનાઈટેડ નેશન્સે તેની વેબસાઈટ પર જાહેરાત કરી છે કે યુએન સિક્યુરિટી કાઉન્સિલ ૮ ઓક્ટોબરે મધ્ય પૂર્વની સ્થિતિ પર બંધ બારણે ઈમરજન્સી બેઠક યોજશે.

### GPSCની તૈયારી કરનારા ઉમેદવારો માટે મોટા સમાચાર

# સાયન્ટિફિક ઓફિસરની ૯ નવેમ્બરે યોજાનારી પરીક્ષા મોકૂફ

## વહીવટી કારણોસર પરીક્ષા મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે

ગાંધીનગર, તા.૯

GPSCની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. GPSCએ બે પ્રિલિમ પરીક્ષા મોકૂફ રાખી છે.

સાયન્ટિફિક ઓફિસરની ૯ નવેમ્બરે પરીક્ષા યોજાવાની હતી તે મોકૂફ રાખી છે, તેમજ ફિઝિસ્ટ માટેની ૨૬ નવેમ્બર લેવાનારી પરીક્ષા પણ મોકૂફ રાખી છે. વહીવટી કારણોસર પરીક્ષા મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત જાહેર સેવા આયોગએ માહિતી આપતા જણાવ્યું છે કે. આયોગ દ્વારા સાયન્ટિફિક ઓફિસર (બાયોલોજી જૂથ), વર્ગ-૨ અને ફિઝિસ્ટ પેરામેડીકલ, વર્ગ-૨ની અનુક્રમે તારીખ ૯ અને ૨૬ નવેમ્બરે પરીક્ષા યોજાનારી હતી.

જે વહીવટી કારણોસર હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પરિક્ષાઓની નવી તારીખ નક્કી થયેથી આયોગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

સંબંધિત ઉમેદવારોને આયોગની વેબસાઈટ જોતા રહેવા જણાવ્યું છે.

# અમરેલીનાં વિદ્યાસભા કેમ્પસમાં સિઝન–૨ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન થયું








અમરેલી : ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ તથા શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલનાં વિદ્યાર્થી તથા શિક્ષકો દ્વારા વિદ્યાસભા કેમ્પસ જીપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ પ્રકારની ટીમ દ્વારા ભાગ લેવામાં આવેલ, જેમાં ટીમ વિદ્યાસભા લાયન્સ, વિદ્યાસભા કીંગ્સ, વિદ્યાસભા ડ્રેગન, વિદ્યાસભા માર્સલ, વિદ્યાસભા ટાયગર એમ વિવિધ પ્રકારની ટીમ દ્વારા ભાગ લેવામાં આવેલ. જેમાં ફાયનલ મેચમાં વિદ્યાસભા ડ્રેગન ટીમ વિજેતા બનેલ હતી. આ ટુર્નામેન્ટનો મુખ્ય હેતું વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં શિસ્તભાવનાં વિકાસ થાય તથા શારીરિક અને માનસિક રીતે સક્ષમ બને,, શુસંબધિત વાતાવરણ ઉભું થાય તેવા હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાસભા પરિવાર વતી ડાયરેકટર વસંતભાઈ પેથાણી, પ્રમુખ જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પ્રમુખ જિલ્લા ખોડલધામ સમિતિ સુરેશભાઈ દેસાઈ જયસુખભાઈ મોનપરા, હિતેશભાઈ નાકરાણી, કતનભાઈ ભાલાળા તેમજ સ્કુલ ટીચીંગ અને નોન–ટીચીંગ સ્ટાફ વિગેરે ખાસ ઉપસ્થિત રહયા હતા. અને તેઓનાં વરદ હસ્તે વિજેતા ટીમને ટ્રોફી અને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લીધેલ અને વિજેતા બનેલ ખેલાડીઓને સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેટર વસંતભાઈ પેથાણીએ હૃદયપુર્વક શુભકામનાં પાઠવી હતી. ૨૦૨૩ ટુર્નામેન્ટનું આયોજન સ્પોટર્સ શિક્ષકો અને શૈક્ષણિક સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું. મેનેજમેન્ટ દ્વારા આયોજક તમામ સ્ટાફને પણ અભિનંદન આપવામાં આવ્યા હતા.


## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરૂ છું કે મારૂ જુનું નામ **રૂપારેલિયા દીપક જીતેન્દ્રકુમાર** (Rupareliya Dipak Jitendrakumar) હતું જે બદલાવી મેં મારૂ નવું નામ **રૂપારેલિયા દીપકભાઈ જીતેન્દ્રભાઈ** (Rupareliya Dipakbhai Jitendrabhai) કરેલ છે. હવેથી હું મારા નવા નામ **રૂપારેલિયા દીપકભાઈ જીતેન્દ્રભાઈ** (Rupareliya Dipakbhai Jitendrabhai) તરીકે ઓળખાઈશ.

**રૂપારેલિયા દીપકભાઈ જીતેન્દ્રભાઈ**
એડ્રેસ : 'ગુરૂકૃપા', સુખનાથપરા, શેરી નં. ૮
મુ. અમરેલી-૩૬૫૬૦૧

## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરૂ છું કે મારૂ જુનું નામ **ભુમી દીપકભાઈ રૂપારેલિયા** (Bhumi Dipakbhai Rupareliya) હતું જે બદલાવી મેં મારૂ નવું નામ **રૂપારેલિયા ભુમીબેન દીપકભાઈ** (Rupareliya Bhumiben Dipakbhai) કરેલ છે. હવેથી હું મારા નવા નામ **રૂપારેલિયા ભુમીબેન દીપકભાઈ** (Rupareliya Bhumiben Dipakbhai) તરીકે ઓળખાઈશ.

**રૂપારેલિયા ભુમીબેન દીપકભાઈ**
એડ્રેસ : 'ગુરૂકૃપા', સુખનાથપરા, શેરી નં. ૮
મુ. અમરેલી-૩૬૫૬૦૧


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૬૫ | ૧૬૬૫ |
| ૨ | તલ સફેદ | ૨૭૭૫ | ૩૨૨૫ |
| ૩ | મગ | ૧૫૫૦ | ૨૦૫૦ |
| ૪ | અડદ | ૧૫૪૦ | ૧૮૦૦ |
| ૫ | ઘઉં | ૪૩૨ | ૫૨૮ |
| ૬ | ચણા | ૯૦૫ | ૧૧૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૦ | ૧૪૭૬ |
| ૨ | મગફળી | ૧૦૫૫ | ૧૨૨૭ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૫૦૨ |
| ૪ | અડદ | ૧૬૪૦ | ૧૬૭૦ |
| ૫ | સોયાબીન | ૭૪૧ | ૮૨૮ |
| ૬ | ધાણા | ૧૧૦૬ | ૧૧૦૬ |
| ૭ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૪૧ | ૧૩૭૧ |
| ૨ | શિંગ મોટી | ૯૫૦ | ૧૪૧૭ |
| ૩ | શિંગદાણા | ૧૦૨૫ | ૧૭૧૬ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૩૦૦ |
| ૫ | તલ કાળા | ૧૫૦૦ | ૩૨૫૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૬૪૧ | ૩૬૪૧ |
| ૭ | બાજરો | ૩૫૧ | ૪૦૩ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૫૭૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૮ |
| ૧૧ | મકાઈ | ૪૦૨ | ૫૭૫ |
| ૧૨ | મગ | ૧૨૧૦ | ૧૫૫૬ |
| ૧૩ | અડદ | ૧૦૩૦ | ૨૦૨૧ |
| ૧૪ | ચણા | ૭૦૦ | ૧૨૨૩ |
| ૧૫ | ચોળી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૧૬ | તુવેર | ૮૦૦ | ૨૦૭૧ |
| ૧૭ | કપાસ | ૯૪૫ | ૧૫૮૦ |
| ૧૮ | એરંડા | ૧૧૪૫ | ૧૧૪૮ |
| ૧૯ | ધાણા | ૧૧૫૨ | ૧૨૮૦ |
| ૨૦ | સોયાબીન | ૬૯૫ | ૮૬૬ |
| ૨૧ | રજકાનું બી | ૩૫૦૦ | ૪૨૭૫ |

પાના ૮ ઉપરનું ચાલું **બસ્માર બનેલ ઈમારતથી પરેશાની**

ગઈ છે. આ જગ્યાએ રાખવામાં આવેલ કચરા પેટીની અંદરનો કચરો ભૂંડ અને રેઢિયાળ ઢોર ફેંદી નાખે છે, જર્જરિત ઈમારતોને કારણે અહીથી જીવના જોખમે લોકો પસાર થાય છે. ખરેખર આ જર્જરિત થઈ ગયેલ ત્રણેય ઈમારતોને ઉતારી લેવાની જરૂર છે. કલેકટર તંત્ર તાકીદે કાર્યવાહી કરે એવી માંગ ઊઠી છે. સ્થાનિક સત્તાધીશો રસ લઈને કલેકટર તંત્રને હલબલાવે તે જરૂરી છે.

પાના ૧ ઉપરનું ચાલું **3 યુવકોએ આત્મહત્યા કરી લીધી**

અરૂણકુમાર દ્વિવેદી નામનાં ર૩ વર્ષિય પરપ્રાંતિય યુવકનાં પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હોય અને તેમના પિતા પણ માનસિક અસ્વસ્થ હોય પરિવારમાં તેઓ એકમાત્ર કમાનાર વ્યકિત હોય. પોતાના પરિવારનું ગુજરાન માંડ ચાલતું હોય. જેથી સતત તેઓ ચિંતામાં રહેતા હોય. ત્યારે તેઓને મનમાં લાગી આવતા ગત તા. ૫ નાં સાંજથી તા. ૬ સુધીમાં પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરા પાલિકામાં થયેલ**

નવનિયુકત પ્રમુખની પ્રથમ સામાન્ય સભા હવે તોફાની બનવાના એંધાણ છે.

વિગત અનુસાર બગસરા નગરપાલિકા દ્વારા થોડાક દિવસ પહેલા સામાન્યસભામાં સદસ્યોને આવવા પૂર્વે નવા નિયમો લાગુ પાડતો ઠરાવ કર્યો હતો. જેમાં મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ, પોલીસ બંદોબસ્ત રાખવા અને મહિલાઓને લોહીના સંબંધ ધરાવતી વ્યકિતને સાથે રાખવા અંગે ઠરાવ થતા ખૂબ વિવાદ સર્જાયો હતો. ત્યારે આ વિવાદિત ઠરાવને લીધે વિરોધ પક્ષ દ્વારા ખૂબ જોર જોરથી ભાજપ વિરૂદ્ધ અપ્રચાર તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી આ સમાચાર આગળ વધતા મહિલા વિરૂદ્ધ સરકારના અપમાનજનક વાત હોવાથી મોવડી મંડળ સક્રિય થતા આ વિવાદ વધુ વકરે તે પહેલા ઉચ્ચકક્ષાના આદેશ અનુસાર નગરપાલિકાના પ્રમુખ જયોત્સનાબેન રીબડીયા દ્વારા વિવાદિત ઠરાવને સ્થગિત કરતો ઠરાવ તાત્કાલિક પસાર કરી દેવાયો હતો. જેમાં તારીખ ત્રણના રોજ કરેલ ઠરાવ સ્થગિત કરવાની જાહેરાત કરી દેવામાં આવતા વિવાદનો અંત આવ્યો હતો. જેથી વિરોધ પક્ષે પોતાની જીત થવાનો વિસ વ્યકત કર્યો હતો. આ ઘટનાને પગલે નવા પ્રમુખની પ્રથમ સામાન્ય સભા તોફાની બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

## અવસાન નોંધ

**ગામ માળીલા :** ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ જનકભાઈ(હકુભાઈ) મોહનભાઇ જોષી ઉં.૬૪ .તે પૂજાબેન(જુનાગઢ) તથા વિભેન તથા નિધિ બેન ના પિતાશ્રી. તે સ્વ બળવંતભાઈ જોશી રાજકોટ હસમુખભાઈ,જોશી માળીલા સ્વ.મનીષભાઈ જોશી અમરેલી ચીમનભાઈ જોષી (રાજકોટ) ઈન્દુબેન વ્યાસ ગોંડલ તથા હેતલબેન જોષી ગોંડલના ભાઈનું માળીલા મુકામે તા.૦૭/૧૦/૨૦૨૩ શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે તેમનું ઉઠમણું તા.૧૨/૧૦/૨૩ ગુરૂવાર નાં રોજ સવારે ૯ થી ૫ સુધી પટેલ વાડી માળીલા ખાતે રાખેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૪૦ |
| ૩ | શીંગ કાદરી | ૧૦૫૦ | ૧૩૧૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૩૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૦૦ |
| ૬ | કપાસ | ૧૩૨૧ | ૧૫૪૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૩૩૫ | ૩૮૧ |
| ૧૦ | જુવાર | ૫૭૦ | ૯૯૪ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| ૧૨ | મગ | ૧૫૦૦ | – |
| ૧૩ | અડદ | ૧૫૦૦ | ૧૬૪૦ |
| ૧૪ | ચણા | ૧૦૨૫ | ૧૨૦૦ |
| ૧૫ | ધાણા | ૧૦૬૧ | – |
| ૧૬ | સોયાબીન | ૭૨૧ | ૮૫૭ |

પાના ૧ ઉપરનું ચાલું **સિંહ અને સિંહણની પજવણી કરતા**

પડી ગયું હતું.

તેવો વધુ એક વીડિયો સોશ્યિલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયો ગીરના કયાં વિસ્તારનો છે તેને લઈને વનવિભાગ પણ અવઢવમાં છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ ગાંડીગીર વિસ્તારમાં એક સિંહ અને સિંહણ બેલડીના મેંટીંગના સમય દરમ્યાન કેટલાંક પજવણીખોરો સિંહદર્શન કરવા માટે પહોચ્યા હતા. ત્યારે કોઈ પજવણીખોરે સિંહ અને સિંહણ બેલડીના મેંટીંગમાં ખલેલ પહોંચાડી અને કાંકરીચાળો કરતાં સિંહના મગજનો પારો છટકતા અને કાંકરીચાળો કરનારા પજવણી ખોરો પાછળ સિંહે દોટ મૂકતાં સિંહની દોટથી પજવણીખોરોને ઊભી પૂંછડીએ ભાગવું પડી ગયું હતું.

આ વાયરલ થયેલા વીડિયોમાં સિંહના મગજનો પારો છટકતા અને કાંકરીચાળો કરનારા પજવણી ખોરો પાછળ સિંહે દોટ મૂકયા બાદ પજવણી ખોરોનો અવાજ સ્પષ્ટ સંભળાય રહયો છે.

જેમાં તેઓ ભાગોમાં, ઉભા રહી જાવ તેવી વાતો કરતાં હોય છે. ત્યારે સિંહની પજવણીનો વધુ એક વીડિયો સોશ્યિલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયો ગીરના કયાં વિસ્તારનો છે તેને લઈને વનવિભાગ પણ અવઢવમાં છે. ત્યારે સતત બીજા દિવસે સિંહ પજવણીનો વધુ એક વિડીયો વાયરલ થતાં પજવણીખોરો સામે સિંહપ્રેમીઓનો ભારે રોષ ભભૂકી ઉઠયો છે.

## જાહેર નોટિસ

**અમરેલીના મહે. ત્રીજા એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. અમરેલી**

સ્પે. દિ.મુ.નં.૭૩/૧૯૯૮

વાદી :– બાબુભાઈ નારણભાઈ વસાણી વિ–૨,

:: **વિરૂઘ્ધ** ::

પ્રતિવાદી :– સચિત પ્રતિવાદી
નં.૧૭ ચેતનભાઈ ધીરૂભાઈ કોટડીયા
રહે. અમરેલી પુષ્કરધામ સોસાયટી, વિભાગ–૨, પ્લોટ નં. ૯–૧, લાઠી રોડ, અમરેલી.
નં.૧૯–કાંતીલાલ બચુભાઈ બોકરવાડીયા
રહે. અમરેલી ઈન્દ્રવિહાર શેરી નં. ૨, લાઠી રોડ, અમરેલી.
નં. ૨૨ પરશોતમભાઈ છગનભાઈ ધાનાણી
રહે. અમરેલી ઠે. શ્યામનગર લીલીયા રોડ, અમરેલી.
નં.૨૪–ચેતનભાઈ ધીરુભાઈ કોટડીયા
રહે. અમરેલી પુષ્કરધામ સોસાયટી, વિભાગ–૨, પ્લોટ નં.૯–૧, લાઠી રોડ, અમરેલી.
નં. ૨૫–અરવિંદભાઈ મકનભાઈ મેતલીયા
રહે. અમરેલી ઠે. શ્યામનગર લીલીયા રોડ, અમરેલી.
નં. ૪૭–પુનીતાબેન કેતનભાઈ ધોળકીયા
રહે. અમરેલી, ઠે. ૬, માણેકપરા, ગુણાતીત હોસ્પિટલ, અમરેલી.
નં. ૫૦–કાંતાબેન મોહનભાઈ દેસાઈ, રહે. અમરેલી ગજેરાપરા,
નં. ૫૧–મોહનભાઈ કરશનભાઈ દેસાઈ, રહે. અમરેલી ગજેરાપરા,
નં. ૫૨–કુશાલભાઈ ભરતભાઈ ડોડીયા
રહે. અમરેલી ઠે. શીવમ, માણેકપરા, શેરી નં. ૧૨, ખોડીયાર ચોક, અમરેલી.
નં. ૫૩–ઈલાબેન ભરતભાઈ કારટીયા
રહે. અમરેલી ઠે. પુષ્કરધામ સોસાયટી, લાઠી રોડ, અમરેલી.
નં. ૬૭– રતીલાલ શાંતીલાલ સેંજલીયા
રહે. શંભુપરા, તા.જી. અમરેલી.
નં. ૭૪–સરલાબેન મનસુખભાઈ લકકડ
નં. ૭૫–જયંતીલાલ જીણાભાઈ ગજેરા
રહે. બંને અમરેલી ઠે. રોકડવાડી, કેરીયા રોડ.

ઉપરોકત જણાવ્યા મુજબના વાદીએ આ કામના સુચિત પ્રતિવાદીઓને સદરહુ દાવામાં પ્રતિવાદી તરીકે જોડવાની અરજી કરેલ હોય માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે **તારીખ ૧૪ માહે ઓકટોબર સને ૨૦૨૩** ના રોજ સવારે ૧૦:૩૦ વાગે તે અરજી વિરૂધ્ધ કારણ દર્શાવવા માટે તમારે જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહેવુ. તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ અરજી સાંભળીને તેનો એક તરફી નિકાલ કરવામાં આવશે.

વળી તમને એવી નોટિસ આપવામાં આવે છે કે નિદીષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતો લખવાની તમે કસુર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તા. ૦૯ માહે. ઓકટોબર સને ૨૦૨૩ ના રોજ મારી સહી અને કોર્ટનો સિકકો કરી આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એમ.એચ. રાણવા) | સિક્કો | (ડી.સી. ગોલા) | (જે.એ. જોષી) |
| આસીસ્ટન્ટ | | શીરસ્તેદાર | રજીસ્ટ્રાર |
| ત્રીજા એડી. સીની. સીવીલ કોર્ટ અમરેલી | | ત્રીજા એડી. સીની. સીવીલ કોર્ટ અમરેલી | પ્રિન્સી સીની. સીવીલ કોર્ટ અમરેલી |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૭૧ |
| ૨ | ચણા | ૯૯૫ | ૧૧૬૧ |
| ૩ | અડદ | ૧૧૬૧ | ૧૬૫૫ |
| ૪ | શીંગદાણા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ૫ | સોયાબીન | ૭૦૦ | ૮૦૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૮ | ૫૧૧ |
| ૭ | તલ સફેદ | ૨૯૦૫ | ૩૦૦૧ |
| ૮ | તુવેર | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૯ | ધાણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૧૦ | મગફળી | ૭૦૦ | ૧૩૮૦ |

પાના ૮ ઉપરનું ચાલું **ફાર્માસિસ્ટ વગર દવા વેચનાર વિરૂધ્ધ**

રૂા. ૧,૦૦,૦૦૦નો દંડ અને બીજી વાર પકડાશે તો બે લાખ રૂપિયાનો દંડ સાથે ત્રણ મહિનાની જેલ. ફાર્માસિસ્ટ વિના દવા વેચી જ નહીં શકાય. અત્યારે મોટા ભાગના મેડિકલ સ્ટોર એવા છે કે જે ફાર્માસિસ્ટના ભાડે આપેલા સર્ટીફીકેટ ઉપર ચલાવવામાં આવે છે. આ ખરેખર તો ગેરકાયદે પ્રવૃત્તિ છે. આ માટે અત્યાર સુધી ફકત રૂા. ૧૦૦૦ રૂપિયા દંડ હતો. જે દંડની રકમ વધારીને હવે રૂા. ૧,૦૦,૦૦૦ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે જનવિાસ બીલમાં ફાર્મસી એક્ટ સેકશન ૨૬માં સુધારો કરતા નવા દંડની રકમ પ્રથમવાર એક લાખ કરવામાં આવી છે અને બીજી વાર નિયમનું ઉલ્લંઘન કરનારને રૂપિયા બે લાખ દંડ ઉપરાંત ત્રણ મહિના જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ફાર્મસી એક્ટમાં ૭૫ વર્ષ બાદ સુધારો કરી અને વધુ કડક બનાવવામાં આવેલ છે હવે ફાર્માસિસ્ટને પોતાના રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ ભાડે આપવું ભારે પડી શકે છે. જેલની હવા ખાવી પડી શકે છે.

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પ્રમુખ મોન્ટુ પટેલનાં જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ અને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પાવર આપવામાં આવ્યા છે. આ સેકશન ૨૬ હેઠળ 'જન વિાસ' બીલમાં સુધારો લાવવામાં આવ્યો છે અને તે અંગેની જાણ સમગ્ર દેશમાં તમામ રાજયોની સરકારોને કરવામાં આવેલ છે. હવેથી ફાર્માસિસ્ટની હાજરી સિવાય દવા કોઈ પેશન્ટને આપી શકાશે નહીં. લોકોને ફાર્માસિસ્ટ પાસેથી જ ગુણવત્તા સભર દવાઓ મળવી જોઈએ તે આ જનવિાસ બીલનો મુખ્ય હેતુ છે.

## જાહેર નોટિસ

**અમરેલીના મહે. ત્રીજા એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. અમરેલી**

દિ.પ.અ.નં. ૫૧/૨૦૨૩
મુ.તા. ૦૭/૧૧/૨૦૨૩

અરજદાર:– મેહુલભાઈ ગોકળભાઈ રામાણી
ઉ.વ.૪૭, ધંધો ખેતી, રહે. અમરેલી, ઠે. તિરૂપતી હાઈટ્સ શ્રીરામ ચોક, માણેકપરા, અમરેલી.

:: **વિરૂઘ્ધ** ::

સામાવાળા :– ———————૦૦૦———————

**અરજદારના વકીલ :– શ્રી જે.પી. ત્રિવેદી**

આથી જાહેર નોટિસથી સૌ કોઈ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર ઉપર જણાવેલ સરનામે અમરેલી મુકામે રહે છે. અરજદારના સગા કાકા વેલજીભાઈ દલાભાઈ રામાણી હતા તેઓ અપરણીત હતા અને તેમને સંતાન હતુ. અરજદારના કાકા વેલજીભાઈ દલાભાઈ રામાણી મોજે અમરેલી ગામ ખાતા નં. ૩૬૭ ની અમરેલી ગામની સીમની રે.સ.નં. ૧૨૩/૧ ની હે.–૦–આરે–૬૦–ચો.મી.–૭૦ વાળી બીન પીયત ખેતીની જમીન જયાબેન દલાભાઈ રામાણીના સાથે સંયુકત માલીકી હકકે ધરાવતા હતા. આ ખેતીની જમીનના રેવન્યુ રેકર્ડમાં મજકુર વેલજીભાઈ દલાભાઈ રામાણી તથા જયાબેન દલાભાઈ રામાણીનું સંયુકત નામ ચાલે છે. મજકુર વેલજીભાઈ દલાભાઈ રામાણીએ તા. ૩૧–૦૭–૨૦૨૨ ના રોજ અમરેલી બેઠા બે સ્વતંત્ર સાક્ષીઓ દિનેશભાઈ રવજીભાઈ રામાણી તથા અજયકુમાર ધીરજલાલ પંડયાની તથા નોટરીની રૂબરૂ તેમની ઉપરોકત મીલ્કતની વ્યવસ્થા કરતુ એક વીલ પોતે જાતે લખાવી આપી તેમાં તે નીચે નોટરી રૂબરૂ તેમની તથા બે સાક્ષીઓની સહીઓ કરી કરેલ છે જે નીચે મુજબ છે.

સાક્ષી નં. (૧) દિનેશભાઈ રવજીભાઈ રામાણી
સુખનાથપરા શેરી નં. ૫, સુખનાથ મહાદેવ મંદિર સામે, અમરેલી.
સાક્ષી નં. (૨) અજયકુમાર ધીરજલાલ પંડયા
શિવામ, રિધ્ધી–સિધ્ધી બંગલો, વી.એમ. ચોક, લીલીયા રોડ, અમરેલી.

ત્યારબાદ તા. ૦૩/૦૮/૨૦૨૨ ના રોજ અરજદારના કાકા વેલજીભાઈ દલાભાઈ રામાણીનું અવસાન થયેલ છે. અને તેમના અવસાન બાદ તેમની તમામ ધાર્મિક અને શાસ્ત્રોકત વિધી અરજદારે કરેલ છે.

સદરહું દિનેશભાઈ રવજીભાઈ રામાણીએ તેમની સ્થાવર મીલ્કત સબંધમાં અરજદાર જોગ, નોટરી તથા બે સાક્ષીઓ રૂબરૂ કરેલ તા. ૩૧/૦૭/૨૦૨૨ ના વીલકનું પ્રોબેટ અરજદારની તરફેમાં કાઢી આપવા અરજી કરેલ છે.

જેની સામે કોઈને વાંધો કે તકરાર હોય તો તેણે અત્રેની અદાલત (રૂમ નં. ૨૧૩)માં મુ. તા. ૦૭/૧૧/૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે અચુક હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયે સદર કામે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

આજરોજ તા. ૦૪ માહે ઓકટોબર સને ૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એ.બી. રોજાસરા) | સિક્કો | (જી.ડી. કનાડા) | રજીસ્ટ્રાર |
| આસીસ્ટન્ટ | | શીરસ્તેદાર | પ્રિન્સી સિનિયર સીવીલ કોર્ટ અમરેલી |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૧૧ | ૧૩૩૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૫૧ | ૩૨૦૦ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૩૮૦૦ | ૪૫૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૦૦ |
| ૬ | જુવાર | ૮૦૧ | ૧૦૪૬ |
| ૭ | મગ | ૧૬૩૪ | ૧૬૩૪ |
| ૮ | અડદ | ૧૪૪૪ | ૧૭૦૦ |
| ૯ | ચણા | ૬૦૧ | ૧૧૨૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૧૨ | ૧૩૧૨ |
| ૧૧ | સોયાબીન | ૭૫૧ | ૮૦૧ |

### કોનોકાર્પસ ઝાડ બચાવવા માટે એક અભિયાન

# કોનોકાર્પસ ઝાડ પરનાં આક્ષેપ સાબિત કરો ને જીતો એક લાખ રૂપિયા ઈનામ

સાવરકુંડલા, તા. ૯

સુરતમાં રહેતા અને મૂળ અમરેલી જિલ્લાનાં થોરડી ગામનાં વતની વિપુલભાઈ બરવાળીયા નામનાં યુવાને કોનોકાર્પસ ઝાડનું નિકંદન કાઢવા માટે ચાલતા સોશ્યલ મિડીયાનાં અભિયાન સામે ચેલેન્જ કરી છે અને આ ઝાડથી થતાં નુકશાન અંગેનાં પાયા વિહોણા દાવા સામે ચેલેન્જ કરી છે કે જે કોઈ આ દાવાઓને સાબિત કરશે એને તેઓ એક લાખ રૂપિયા ઈનામ આપશે.

આજકાલ સોશ્યલ મિડિયામાં કોનોકાર્પસ ઝાડ અંગે ખૂબ જ નુકશાન થાય છે અને આ ઝાડને ઉખાડી નાંખવા માટે પર્યાવરણપ્રેમીઓ દ્વારા અભિયાન ચાલી રહ્યું છે.

જો કે આ દાવાઓમાં કેટલું સત્ય છે એ બાબતે કોઈ પાસે નક્કર આધાર પુરાવા નથી. ત્યારે સુરત રહેતા અને મૂળ અમરેલી જિલ્લાનાં થોરડી ગામનાં વતની એવા વિપુલભાઈ બરવાળીયા જેઓ પોતે પણ પર્યાવરણપ્રેમી છે અને બોટની વિષયમાં ગ્રેજયુએટ અને પત્રકાર તરીકે કામ કરી ચૂકેલા છે.

તેઓનું કહેવું છે કે સોશ્યલ મિડિયામાં ચાલતા કોનોકાર્પસ વિરૂદ્ધમાં પાયાવિહોણા આરોપોનાં કારણે એક નિર્દોષ ઝાડનું નિકંદન કાઢવા બધાં મંડી પડયા છે. સોશ્યલ મિડીયાનાં દબાણમાં આવીને ગુજરાત વન વિભાગે પણ આ ઝાડને સરકારી કે ખાનગી નર્સરીમાં આ ઝાડનાં રોપાનું વિતરણ ન કરવું એવો પરિપત્ર બહાર પાડયો છે. વિપુલભાઈનું કહેવું છે કે તેઓ પોતે પણ એક પર્યાવરણપ્રેમી અને નેચર માટે સતત કામ કરે છે. તેમણે હજારો ઝાડ પોતાનાં વતનમાં વાવ્યા છે અને એમાં કોનોકાર્પસ પણ વાવતા આવ્યા છે. બધા વૃક્ષોમાં તેમને કોનોકાર્પસમાં સારામાં સારૂં પરિણામ દેખાયું છે.

સૌરાષ્ટ્ર જેવા સૂકા વિસ્તાર માટે આ ઝાડ ઓછા પાણીએ અને ગમે તેવી જમીનમાં ખૂબ જ પાણીએ અને ઓછી માવજતે ટકી રહે છે અને બારેમાસ લીલું રહે છે. સોશ્યલ મિડિયામાં જે આક્ષેપો આ ઝાડ પર કરવામાં આવ્યાં છે તે અંગે કોઈ નક્કર પુરાવા નથી. પોતાનાં જાત અનુભવે એ જણાવે છે કે તમામ આક્ષેપો ખોટા છે અને આ ઝાડ એક વૃક્ષ તરીકે ઉપયોગી છે. હા મનુષ્યને ફળફૂલ ન આપી શકે તો ઉપયોગી નથી એમ કહેવું એ બિલ્કુલ ગેરવ્યાજબી છે.



#### કોનોકાર્પસ ઝાડની ઉપયોગીતા

* ઓછા પાણીએ અને બંજર જમીનમાં થાય છે અને બારેમાસ લીલા રહે છે.
* લાકડું સીધું, મજબૂત અને ઉપયોગી.
* વાતાવરણ ઠંડુ રાખે અને વરસાદ ખેંચી લાવવામાં મદદરૂપ.
* હજારો પક્ષીઓ માટે આશરો છે અને માળા પણ બનાવે છે.
* પશુઓનાં તબેલા કે ફાર્મની ફરતે બોર્ડર તરીકે ખૂબ ઉપયોગી છે.
* ધૂળનું પ્રદૂષણ અને અવાજ પ્રદૂષણ અટકાવે છે તેમજ રણપ્રદેશને આગળ વધતો અટકાવે છે.
* જમીનનું ધોવાણ અટકાવે છે.
* ગરમી અને ઠંડીથી રક્ષણ આપે છે.

#### કોનોકાર્પસ પરનાં આરોપ

* કાર્બન ડાયોકસાઈડ કાઢે છે.
* પક્ષીઓ એનાં પર બેસતાં નથી.
* એક ઝાડ એક લાખ પાણી જમીનમાંથી ખેંચી લે છે.
* આ ઝાડથી શરદી–ઉધરસ કે એલર્જી થાય છે.

– ભીખુભાઈ બાટાવાળા–ખાંભા

### ૧૦ ઓક્ટોબર : વિશ્વ માનસિક આરોગ્ય દિવસ

# પહેલુ સુખ તે નર્યા યોગ ભગાડે રોગ

## તંદુરસ્ત રહો, સલામત રહો

'વિશ્વ આરોગ્ય સંસ્થા' તેમજ 'વિશ્વ માનસિક સ્વાસ્થ્ય સંઘ'નાં સંયુકત ઉપક્રમે ૧૯૯૨થી દર વર્ષે ૧૦–ઓકટોબરનાં દિવસને વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસે વિવિધ જનજાગૃતીનાં કાર્યક્રમો દ્વારા મગજ અને માનસિક રોગોને લગતી બાબતો અંગેનાં કાર્યક્રમો યોજવામાં આવે છે. આજે જયારે આપણે કોરોના જેવી મહામારીનો ભોગ બની રહ્યા છીએ ત્યારે સ્વાસ્થ્ય જાળવવું એ અતિ મહત્વનું કાર્ય થઈ ગયું છે. દેશમાં પહેલો કોવીડ કેસ આવ્યો એને ત્રણ વર્ષ જેવો સમય થઈ ગયો છે ત્યારે જો પ્રથમ લોકડાઉનની જાહેરાતને યાદ કરીએ તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પહેલી જ વાર લોકડાઉનની જાહેરાત કરતી વખતે કહ્યું હતું કે "જાન હે તો જહાન હૈ" ત્યારથી લઈને આજ સુધી અને હજુ ભવિષ્યમાં પણ સે કોઈએ પોતાના જીવનનું મહત્વ સમજી લીધુ છે. કોરોના મહામારીની ઘણી ગંભીર અસરો થઈ છે પરંતુ કેટલાક સારા પરિણામો જેવા કે પર્યાવરણની જાળ વણી, લોકડાઉનમાં સૌ કોઈને પરિવાર સાથે માણવા મળેલો સમય તેમજ આપણો દેશ સ્વાસ્થ્ય ક્ષેત્રે જેટલી ઝડપથી આધુનિકતા તરફ વપ્રયો હતો તેનાથી બમણી ઝડપે શરીરનું સંપૂર્ણ સ્વાસ્થ્ય જાળવવા માટે આપણે પ્રાચીન ભારતમાં સ્વાસ્થ્ય જાળવણી માટે વપરાતાં વિવિધ આયુર્વેદિક નુસખાઓ અપનાવવા માંડ્યા છીએ. શરીર અને મન એકબીજા સાથે સંકળાયેલા છે. જો શરીર સ્વસ્થ હશે તો મન સ્વસ્થ રહેશે. માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રાકૃતિક જીવન શૈલીનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે પ્રાચીન કાળથી ચાલી આવતી યોગ,પ્રાણાયામ કરવાની આપણી સંસ્કૃતિને જાળવતા રહીને આજે સમગ્ર દેશ કઈ રીતે સ્વસ્થ રહેવા માટે નવા નવા ઉપાયો પાછળ દોરાય રહ્યો છે ત્યારે એક વાત નોંધવા જેવી છે કે લોકો પાસે આ દિશામાં યોગ્ય માર્ગદર્શન કરી શકે એવા કોઈ શ્રેષ્ઠ માર્ગદર્શક ઉપલબ્ધ નથી અથવા ઉપલબ્ધ થાય છે તો લોકો તેમની પાસે જતા નથી. મિત્રો,



આડોશ–પાડોશ કે સગા સંબંધીઓ પાસેથી જે સલાહો મળે તે સમજયા વગર બેફામ ફોલો કરવામાં આવે છે જેનાથી એક યા બીજી તકલીફો સર્જાય છે માટે સ્વાસ્થ્યની બાબતમાં કોઈ પણ નિર્ણય પરવિશેષ માર્ગદશન મેળવ્યા બાદ જ આગળ વધવું જોઈએ.

માનસિક શાંતિ વ્યકિત કેવા પ્રકારનો ખોરાક લે છે તેના પર પણ આધારિત હોય છે. વ્યકિત જયારે માંસાહાર કરે છે ત્યારે તેનાં શરીરમાં એસીડ વધારે ઉત્પન્ન થાય છે જેના કારણે શરીરમાં રોગ ઉત્પન્ન થતા હોય છે અને તેનાથી માનસિક શાંતિ હણાય છે. 'જેવું અન્ન એવું મન' એ બાબતને ધ્યાનમાં રાખીને હંમેશા શાકાહાર, શુદ્ધ આહાર અપનાવવું જોઈએ. આયુર્વેદ, યોગ, નેચરોપેથી, યુનાની, સિદ્ધા, હોમિયોપેથી, પંચગવ્ય ચિકિત્સા જેવી વિવિધ ચિકિત્સા પદ્ધતિઓને જાળવવા તેમજ એ દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે લોક જાગૃતિ લાવવાનાં હેતુથી સરકાર પણ આયુષ મંત્રાલય દ્વારા સ્વાસ્થ્ય જાળવણીની જુદી જુદી પદ્ધતિઓને લોકો સુધી પહોચાડવા અગ્રેસર છે. વર્તમાન સમયમાં મોબાઈલ, ઈન્ટરનેટનાં વધુ પડતા ઉપયોગથી પણ લોકોનું માનસિક સ્વાસ્થ્ય જોખમમાં આવ્યું છે. ખાસ કરીને નાના બાળકો મોબાઈલ અને સોશિયલ મીડિયામાં અટવાતા જાય છે અને રીયલ લાઈફ કરતા રીલ લાઈફમાં વધુ સંડોવાય ગયા છે ત્યારે તેમને પણ ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ, યોગ્ય દિશામાં કેવી રીતે કરવો તેની સમજ આપવી અત્યંત જરૂરી બની જાય છે. વ્યકિત જો માનસિક રીતે સ્વસ્થ હશે તો તેના શરીરમાં પણ કોઈ રોગ પ્રવેશી નહિ શકે. હેલ્થ ઈઝ વેલ્થ.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### શાસ્ત્રીશ્રી ધનંજયદાદા બિરાજી કથાનું રસપાન કરાવી રહ્યા છે

# બાબરામાં સ્વામીનારાયણ નગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનો મંગળ પ્રારંભ

## કથા દરમિયાન ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરાશે

બાબરા, તા. ૯

બાબરામાં સ્વામિનારાયણ નગર સોસાયટીમાં સ્થાનિક રહીશો દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા ૮/૧૦/૨૩ થી ૧૪/૧૦/૨૩ સુધી આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહના વ્યાસાસને શાસ્ત્રીશ્રી ધનંજયદાદા ઠાકર (મોટા મુંજીયાસર વાળા) બિરાજી કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરવી રહ્યા છે.

કથાના પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં સોસાયટીના રહીશો અને ભાવિકો જોડાયા હતા.

અહીં કથા દરમિયાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ, વામન પ્રાગટય, શ્રીરામ જન્મ, નૃસિંહ પ્રાગટય, સુદામા ચરિત્ર અને રૂક્ષ્મણી વિવાહની ભવ્ય ઉજવણી કરવામાં આવશે તેમજ દરોજ રાત્રીના ધૂન ભજન અને સંતવાણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ બપોર ૩ થી ૬ સુધી આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહનું શ્રવણ કરવા શહેરની ધર્મપ્રેમી જનતાને સોસાયટીના રહીશો દ્વારા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

### મનની મજબુતી હિમાલય જેવી

# શરીરથી લાચાર દીકરીની ઈચ્છા પૂર્ણ કરતા ક્ષત્રિય અગ્રણી પ્રતાપભાઈ ખુમાણ

સાવરકુંડલા, તા. ૯

છેલ્લા ઘણાં સમયથી ખુમાણ સાથે પોતાની કલમથી પરિચયમાં આવેલ સુથાર મિસ્ત્રી પરીવારની દીકરી દીપ્તિ ગજ્જર. જન્મી ત્યારે તો નોર્મલ બાળક જેવી જ હતી, પરંતુ રમતાં રમતાં અકસ્માતે પડી ગઈ અને કમરથી નીચેનું આખુ શરીર તદ્દન ખોટુ પડી ગયું. હલન ચલન પોતાની જાતે કરી શકે નહિ.

ઘરની ચાર દીવાલોમાં જ દુનિયા સમાઈ ગઈ. ધીમે ધીમે પોતાની કલ્પના, વેદના કલમ દ્વારા કાગળ ઉપર ઉતારવા લાગી. તેનાં વિચારોમાં હિમાલય જેવી દ્રઢતા જોવા મળે છે. પણ શારીરિક નિસહાય હોવાથી મનની મનમાં જ રહી જાય છે.

ખુમાણ પરીવાર તાજેતરમાં જ ઉતરાખંડ ચારધામની યાત્રાએ ગયેલા ત્યારે જતી વખતે આ દિવ્યાંગ દીપ્તિ એ પોતાનાં તરફથી આ તમામ યાત્રાધામ માટે યથાશકિત પૂજાપો મોકલેલ અને પોતાનાં વતી દેવાધિદેવ મહાદેવને વિશ્વશાંતિની પ્રાર્થના પહોંચાડવા કહ્યું. પોતે તો ઘરની ચાર દીવાલોની બહાર નીકળવું પણ દોહ્યલું છે ત્યારે યાત્રા પ્રવાસની તો કલ્પના જ કયાં કરવી..! આજે જયારે ખુમાણ પરીવાર યાત્રાધામો ફરીને પરત આવીને દીપ્તિનાં ઘેર રૂબરૂ જઈ પ્રસાદ અને સ્મૃતિ અર્પણ કરી ત્યારે હાજર તેનો આખો પરિવાર રડી પડયો. દીપ્તિ ગજજર અને તેનાં



(અહેવાલ : દિનેશ

પરિવારે પ્રતાપભાઈ ખુમાણનું શાલ અને ફૂલહારથી સન્માન પણ કરેલ.

# જાફરાબાદના સામાકાંઠાનાં શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સુવિધા ઝીરો

જાફરાબાદ, તા.૯

જાફરાબાદના પીપળી કાંઠા વિસ્તારમાં ગંદકી દૂર કરવા માંગ થઈ છે. તલાવડીની બાજુમાં આવેલ ખેતરમાં ગંદકીથી ખદબદી રહ્યું હોય તેમાં પણ વરસાદી પાણી અને ગટરના ગંધાતા પાણી આ બધું પાણી રોડ ઉપર આવતું હોવાથી દુર્ગંધ મારતું હોય અને આ કચરાના ઢગલા હોય પરંતુ નગરપાલિકાના ધ્યાન ઉપર આવતું નથી તો શું આ ખડકાયેલા ગંદકીના કારણે કોઈ રોગચાળો ફેલાય તો જવાબદારી કોની ? જાફરાબાદના શહેરીજનો પાલિકાની નિષ્ક્રિયતાથી ત્રાહિમામ પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સુવિધા આપવામાં થતાં તાતાથૈયા તલાવડી વિસ્તારના મેન રોડ ઉપર પાણી ભરાઈ રહેતું હોય પરંતુ નગરપાલિકાના નજરમાં આવતું નથી સારી એવી સુવિધાઓ ઉભી કરી શકયા નથી સ્વચ્છતા હી સેવા અભિયાન માત્રને માત્ર કાગળ પર ચાલતું હોવાનો શહેરીજનો કરે છે. આક્ષેપ થોડા દિવસો પહેલા સ્વચ્છતા નામે ફોટા પાડી મીડિયામાં ચમકયા દેખાવ કરી સ્વચ્છતા હી સેવા ના નામે નાટક કરવામાં આવ્યું પરંતુ વાસ્તવિકતા કયાંક અલગ જોવા મળે છે. ગંધાતા પાણી વચ્ચે તેમજ ગંધાતા ઉભરતા કચરાના ઢગલા ગટરના ગંધાતા પાણી વચ્ચે જીવતી જનતા આ બાબતે ભાવનગર નિયામક નાગરિકોની સમસ્યાનો અભ્યાસ કરી નિકાલ કરાવે તેવી સ્થાનિકોની માંગ એક બાજુબાજુમાં લોકોના રહેણાંક મકાનો આવેલ હોય પરંતુ ઘણા સમયથી આ ઉકરડો દિનપ્રતિદિન ગંદકીથી ખદબદી રહ્યો હોય પરંતુ પાલિકા ગંભીર બનતી નથી આ દુગધ મારતાં ઉકરડો પાલિકા કોઈ નક્કર પગલાં ભરશે ? લોકોનું સ્વાસ્થ્ય માટે આરોગ્ય માટે આ ઉકરડાનો નિકાલ કરવામાં આવશે ? આ ખડકાયેલ ગંદકીના ઢગલા ઉપર વહીવટી તંત્ર લાલ આંખ કરવાને બદલે આંખ આડા કાન કરવામાં આવશે ? તેવું નાગરિકોમાંથી થતી ચર્ચાઓ આ ખદબદતી ગંદકીના લીધે ડેંગ્યૂ, મેલેરિયા, અન્ય બિમારીઓ ઉત્પન્ન થાય તો જવાબદાર કોન ? સામાકાંઠામાં નાગરિકો દરેક સ્તરે વેરો ભરવા છતાં સારી એવી સુવિધા દેવામાં પાલિકા નિષ્ફળ સ્વચ્છતા બાબતે ઘોર બેદરકારી રાખવામાં આવી છે. તલાવડી વિસ્તારમાં વસવાટ કરતા લોકોને આ ગંદગીના લીધે બિમારીનો સામનો કરવો પડે તેવી મુસીબત પરંતુ આરોગ્ય વિભાગને પણ ધ્યાન ઉપર આવતું નથી પાલિકાના જવાબદાર લોકો સફાઈનું નાટક કરી ચાલ્યા જાય છે. અહીંથી લોકોની અવર–જવર હોય વરસાદનુ અને ગટરનું પાણીના લીધે દુર્ગંધ મારતું હોવાથી લોકોના આરોગ્ય સામે પણ ખતરનાક હોય પાલિકા દ્વારા અને આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળો ફેલાય તેપહેલાં પોરાનાશક કામગીરી તેમજ ડીડીટીનો છંટકાવ સહિતની કામગીરી કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.માથાના દુ:ખાવા સમાન ખડકાયેલા ઉકરડો સામે પાલિકા ગંભીર બનશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવી નિતી અપનાવવામાં આવશે વહીવટી તંત્ર ગંભીરતા લેવામાં આવે તેવી ત્યાંના નાગરિકો ની માંગ છે.

# કાંદિવલીમાં ફિજજાબેન બોકસવાળાની વફાત

જસદણ, તા. ૯

દાઉદી વ્હોરા મુળ સલડી નિવાસી હાલ મુંબઈ કાંદિવલી ફિજ્જાબેન મોહંમદઅલી પુનાવાળા તે મ. મોહસીનભાઈ મુલ્લાં અલીભાઈ બોકસવાળાના બૈરો મ. ઝકીયુદ્દીનભાઈ, મ.હાતિમભાઈ, મ. શબ્બીરભાઈ, ફખરૂદ્દીનભાઈ, અલીઅસગરભાઈ (કાંદિવલી)ના માતા નફીસાબેન, જુમાનાબેન, યાસ્મીનબેન, ફાતેમાબેનના સાસુમાં ઈન્સિયાબેન, સમીનાબેન, મુસ્તફાભાઈ, અલ્ફિયાબેન, કાયમઅલીભાઈ, ઈમરાનભાઈના દાદીમાં મ.રજબભાઈ, અસગરભાઈ, બતુલબેન, નફીસાબેનના બેન તા. ૮ ઓકટોબર ૨૦૨૩ ને રવિવારના રોજ કાંદિવલી મુંબઈ ખાતે વફાત પામેલ છે.

મર્હુમાં ફિજ્જાબેન ધાર્મિક, પરોપકારી અને મળતાવડા સ્વભાવને કારણે ચોમેર સુવાસ પ્રસરાવી હતી. શોક સંદેશો વ્યકત કરવા ફખરૂદ્દીનભાઈ મો.૦૯૫૯૪૯ ૩૩૬૬૨, અલી અસગરભાઈ મો. ૦૯૮૨૧૩ ૦૯૪૪૫ ઉપર સંપર્ક સાધવો.



### શહેરીજનોને પસાર થવામાં મુશ્કેલી

# રાજુલાનાં હોસ્પિટલ ચોક, શાકમાર્કેટ અને SBI નજીકની ટ્રાફિક સમસ્યા દૂર કરો

## નિષ્ઠાવાન ટ્રાફિક પોલીસકર્મીને ફરજ સોંપો

અમરેલી, તા. ૯

રાજુલા શહેરમાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ બની છે. હોસ્પિટલ ચોક, શાકમાર્કેટ અને એસબીઆઈ નજીક દિ'ઉગેને ટ્રાફિકજામ થતો હોય કોઈ નિષ્ઠાવાન પોલીસકર્મીઓને ટ્રાફિક સમસ્યાનાં નિરાકરણની જવાબદારી સોંપવા માંગ ઉભી થઈ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# અમરેલીના ઈન્દિરા શો–સેન્ટર એસો.ની સાધારણ સભા મળી



અમરેલી ઈન્દીરા શોપિંગ સેન્ટર એસો.ની સાધારણ સભા મળી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અમરેલી જિલ્લા ભાજપના પુર્વ પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબારે વેપારીઓને માર્ગદર્શન આપી સંગઠીત કામ કરવા અપીલ કરી અને ઓનલાઈન ખરીદી બંધ કરવા અપીલ કરી તથા અમરેલી શીતલ ઈન્ડસ્ટ્રીઝના માલીક તથા અમરેલી જિલ્લા લેઉઆ પટેલ પ્રમુખ દિનેશભાઈ ભુવાએ પણ વેપારીઓને ઓનલાઈન ખરીદ બંધ કરી અને સંગઠીત કામ કરવા અપીલ કરી સાથે સાથ અમરેલી શહેર ભાજપ ઉપપ્રમુખ યોગેશ ગણાત્રા તથા અમરેલી શ્રીજી મોબાઈલ વાળા હાર્દિકભાઈ સેજલીયા બંને મિત્રોએ ઓનલાઈન ખરીદ બંધ કરી વેપારીઓ સંગઠીત થઈ કામ કરવા અપીલ કરી તથા ચાર્ટર એકાઉન્ટ કિશોરભાઈ રૂપારેલ તથા અમરેલી એકસપ્રેસના મિલાપભાઈ રૂપારેલ તથા કનુભાઈ ભડકોલીયા, વિપુલભાઈ વોરા, વિપુલભાઈ ભટ્ટી ઉપસ્થિત રહેલ ચતુરભાઈ અકબરીએ સ્વાગત પ્રવચન કરેલ યોગેશભાઈ કોટેચ્યાને ફરીવાર ઈન્દીરા શોપિંગ સેન્ટરના પ્રમુખ તરીકે બિનહરીફ કરવા યોગેશભાઈ કોટેચ્યા તથા મહામંત્રી જીલુભાઈ વાળાએ વેપારીઓનો આભાર વ્યકત કરી ઓ તથા કોષાધ્યક્ષ મુકુંદભાઈ ગઢીયાએ હીસાબ રજુ કરેલ તથા ગીરીશભાઈ ભટ્ટ દ્વારા આભાર વિધી કરેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ સાદરાણીએ કરેલ આ પ્રસંગે અમરેલી શહેર વેપારીઓ ઉપસ્થિત રહેલ ધનશ્યામભાઈ રૈયાણી, હકુભાઈ ચૌહાણ, નિખીલભાઈ મહેતા, ટોમભાઈ અગ્રવાત, ચેતનભાઈ રાવલ, બાબુભાઈ કાબરીયા, મધુભાઈ રાજા મુન્નાભાઈ સંઘાણી, રાજેન્દ્રકુમાર અનંતરાય, ગોહેલ મસાલા ભંડાર, પટેલ ગારમેન્ટ, અમીન ઓટો ગેરેજ જલારામ ટ્રેડિંગ એચ.પી.બ્રધર્સ હર્ષદભાઈ સોમાયા ગીરનાર પાન ભાટીયા પરમાણંદ ચાપશી નિશાત માર્કેટીંગ વિજય તન્ના ગાયત્રી ટ્રેડર્સ ગોપાલ સાદરાણી, જગદીશ સાવરણીવાળા જયપાન નાગનાથ આલુ ભંડાર ગાયત્રી ફૂટ, રાજુભાઈ વસાણી અંકુર ખખર નીતીનભાઈ ખખર રાકેશ સોમૈયા કિરીટભાઈ નગદીયા સંજય ટ્રેડિંગ દિવ્યેશ મુળીયા નિલેશભાઈ રાઠોડ તાપસ તળાવીયા ભગવતી પ્રોવીજન દર્શન ટ્રેડિંગ ભવ્ય ટ્રેડિંગ ભાવેશ કણક વસંતભાઈ પરશોતમભાઈ સહીત અનેક વેપારીઓ ઉપસ્થિત રહેલ એમ હરેશભાઈ ટાંક સંગઠન મંત્રીની યાદીમાં જણાવેલ છે.

### એક લાખ રૂપિયા સુધીનો દંડ અને ૩ માસની સજાની જોગવાઈ

# ફાર્માસિસ્ટ વગર દવા વેચનાર વિરૂધ્ધ કડક કાર્યવાહી કરાશે

**અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં સેંકડો મેડિકલ સ્ટોર ફાર્માસિસ્ટ વગર ચાલતાં હોય તપાસ થાય તો આવી બનશે**

**ફાર્માસિસ્ટને પોતાનું રજીસ્ટ્રેશન અન્ય કોઈને ભાડે આપવું ભારે પડી શકશે**

**ફાર્માસિસ્ટની હાજરી વગર કોઈપણ દવા પેશન્ટને આપી શકાશે નહી**

**અમરેલીનાં ડ્રગ્ઝ ઈન્સ્પેકટર કાયદાનું પાલન કરાવે છે કે પછી તમાશો જોયા કરે છે તે જોવું રહ્યું**



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં ડઝનબંધ મેડિકલ સ્ટોરમાં ફાર્માસિસ્ટ વગર જ ખુલ્લેઆમ દર્દીઓને દવાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે અને ડ્રગ્ઝ વિભાગ મેડિકલ સ્ટોરની ગેરરીતિ સામે અમુક નાણાની લાલચમાં આંખ મિંચામણા કરી રહ્યો છે. તે સમયે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાં પ્રમુખે આ બાબતે સરકારનાં નવા કાયદાની વિગતો જણાવેલ છે.

ફાર્મસી સર્ટિફિકેટનો દુરૂપયોગ રોકવા ૭૫ વર્ષે કાયદો બદલવામાં આવ્યો. ફાર્મસીનું સર્ટિફિકેટ ભાડે આપનાર પકડાશે તો પ્રથમવાર

**અનુસંધાન પાના ૬ ઉપર**

### જિલ્લાકક્ષાનાં આગેવાનોએ હસ્તક્ષેપ કરતાં મામલો શાંત

# પારોઠનાં પગલા : બગસરા પાલિકામાં થયેલ વિવાદાસ્પદ નિર્ણયોને રદ્દબાતલ કરી દેવાયા

**નવનિયુકત પ્રમુખને શરૂઆતમાં જ વિપક્ષોનો આકરો સામનો થયો**

બગસરા, તા. ૯

બગસરા નગરપાલિકા દ્વારા બે દિવસ પહેલા મહિલા પ્રતિનિધિઓને ઉપસ્થિત રાખવા, પોલીસ બંદોબસ્ત રાખવા તથા મોબાઈલ ન લઈ જવા બાબતે જે વિવાદિત ઠરાવ કરેલ હતો તેને આજે મોવડી મંડળમાંથી આદેશ થતા અચાનક રદ કરી દેવામાં આવ્યો છે. વિવાદિત ઠરાવને લીધે ભાજપ વિરૂદ્ધ પ્રચાર શરૂ થતા ત્વરિત ડેમેજ કંટ્રોલ

**અનુસંધાન પાના ૬ ઉપર**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

### જાફરાબાદ નજીક આવેલ

# ભાંકોદર ગામે ચોરીના મનદુ:ખે બે શખ્સો દ્વારા છરી વડે જીવલેણ હુમલો

**બનાવ અંગે સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૯

જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામે રહેતા આરોપી અશોકભાઈ સુખાભાઈ મકવાણાનાં ઘરે મીઠાપુર ગામે થયેલ ચોરીનુ મનદુઃખ રાખી આરોપીએ પોતાની સાથે એક અજાણ્યા ઈસમને લઈ તિક્ષ્ણ હથિયાર ધારણ કરી ભાંકોદર ગામે રહેતા મધુભાઈ કડવાભાઈ ચાવડા ચબુતરા પાસે બેઠેલ મધુભાઈ કડવાભાઈ ચાવડાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેમના શરીરના ખંભા, હાથ, પંજા તેમજ માથાના ભાગે તિક્ષ્ણ હથિયાર વડે મારી નાખવાના ઈરાદે ગંભીર જીવલેણ ઈજાઓ કરી નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સ્વયુભું શ્રી ગરણેશ્વર મહાદેવના મંદિરમાં નાગદેવતાના દર્શન



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

બાબરા તાલુકાનાં કોટડાપીઠા–થોરખાણ રોડ પર આવેલ ગરણી, પાનસડા ગામ વચ્ચે આવેલ સ્વયુંભુ શ્રી ગરણેશ્વર મહાદેવના મંદિરનાં તા. ૬/૧૦/૨૦૨૩ ને શુક્રવારના સાંજની આરતી બાદ નાગદેવતાએ દર્શન દીધેલ, સ્વયભુ ગરણેશ્વર મહાદેવનું મંદિર આ વિસ્તારમાં ભકતજનોની અનેરી આસ્થા ધરાવતું મંદિર હોવાથી તેમજ સાચી શ્રધ્ધાથી કરેલ મનોકામનાં મહાદેવ પુરી કરતા હોવાથી નાગદેવતાનાં દર્શનથી ભકતજનોએ ધન્યના અનુભવેલ હતી.

### શાસકો કયાં વિકાસ કરે છે તે સમજાતું નથી

# દામનગરમાં રખડતા પશુઓ અને બિસ્માર બનેલ ઈમારતથી પરેશાની

**પદાધિકારી અને અધિકારીઓ ન્યાય આપે તેવી માંગ**

દામનગર, તા. ૯

દામનગરમાં તો હવે વિકાસની વાતો કરતા શાસકો રેઢિયાળ ઢોરની બાબતમાં મૌન કેમ છે..!!? જંગલી ભૂંડ અને કૂતરા વધી રહ્યા છે તે કયારે કોને અડફેટે લે કાંઈ નક્કી નથી હોતું. લોકો બિતા–બિતા બજારમાં ઉચાટ ભર્યા જીવે નીકળે ત્યારે કયુ વાહન અડફેટે લે એની પણ બીક લાગતી હોય છે. ઈમારતો જર્જરિત થઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**














*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)